# બુદ્ધિપ્રભા



ભીલોડાના જિનાલયનું એક શિખર

તસ્વીરકાર: ડૉ. હરીભાઈ ગોંદાની (અમદાવાદ)

હું પથ્થર છું પણ પથ્થર નથી
ગગન ચૂમતો હું ધરાથી અદ્ધર નથી
મારો ભીતરમાં સૂતો છે ભગવાન
પાંપણો ભલેને બંધ આંખે નિંદર નથી
જગાડ, ઓ ઈન્સાન!
હું પથ્થર છું પણ પથ્થર નથી.

જીવન-સાહિત્ય અને જૈન ધર્મનું સામયિક

શ્રી ઉપધાન અંક

# વાસી ભાત
# ખાટી છાસ અને ખોટો રૂપિયો

ભગવાન મહાવીરને દીક્ષા લીધાને હજુ ઝાઝા વરસ થયાં ન હતાં. દીક્ષા પછીના બીજા ચાતુર્માસના એ દિવસો હતા. ભગવાન રાજગૃહ નગરની બહાર નાલંદામાં બીરાજમાન હતા, ત્યાંની નજદીકમાં એક શાળના કારખાનામાં તેઓ ધ્યાનમાં રહેતા હતા.

અહીં તેમને ગૌશાળો મંખલીપુત્ર મળ્યો. ભગવાનને, પોતાનો શિષ્ય બનાવવાની વિનંતી કરી. પણ ભગવાન મૌન રહ્યા. ગૌશાળાએ આ મૌનને ભગવાનની સંમતિ માની. અને એ તેમનો શિષ્ય બનીને રહેવા લાગ્યો.

કારતક પૂનમનો એ દિવસ હતો ગૌશાળાએ ભીક્ષા જતાં પહેલાં ભગવાનને પૂછ્યું : "આજ મને ભીક્ષામાં શું મળશે?"

"વાસી ઉતરેલો ભાત, ખાટી છાસ અને ખોટો રૂપિયો."

ગૌશાળો તો ભગવાનની આ વાત સાંભળી વિચારમાં પડી ગયો પરંતુ એ વિચારક કરતાં કર્મક વધુ હતો. ભગવાનના વચનને ખોટા સાબીત કરવા એ શ્રીમંતોની ઘેરજ ભીક્ષા માટે ગયો. પણ કોઈની ત્યાં તેની દાળ ગળી નહિ. ફરતાં ફરતાં એક લુહારના ઘર આગળ આવ્યો. ભીક્ષા માંગી.

લુહારે ભીક્ષા આપી. ગૌશાળાએ જોયું તો એજ ભીક્ષા હતી જે ભગવાને કીધી હતી:- વાસી ભાત, ખાટી છાસ અને ખોટો રૂપિયો...

ગૌશાળાએ આ પ્રસંગને બીજીજ રીતે વિચાર્યો: જે બનવાનું હોય છે તે બન્યા વગર રહેતું નથી અને એ બનાવ આગળથી નક્કી પણ થયેલો હોય છે.

[ વિજયેન્દ્રસૂરિ રચિત 'તીર્થંકર મહાવીર' ભા. ૧ ના
હિંદી ગ્રંથ ઉપરથી ભાવાનુવાદ ]

मित्तीमे सव्व भूएषु वेरं मज्झं न केणई।

બધા જીવો સાથે મારે દોસ્તી છે; દુશ્મની મારે કોઈ સાથે નથી.



# બુદ્ધિપ્રભા


૧૦ જાન્યુઆરી ૧૯૬૪

વર્ષ ૫ : સળંગ અંક ૫૧

તંત્રી

**ઇંદીરા શાહ**

સંપાદક

**ગુણવંત શાહ**

કાર્યાલય

**બુદ્ધિપ્રભા**

**C/o ધનેશ એન્ડ કું.**

૧૯/૨૧, પીકેટક્રોસ લેન,

સ્મોલકોઝ કોર્ટ પાસે,

મુંબઇ–૨.

લવાજમ :

[ ભારતમાં ]

વાર્ષિક રૂા. પાંચ પુરા

[ પરદેશમાં ]

વાર્ષિક રૂા. સાત પુરા

છુટક નકલ પચાસ નયા પૈસા


## ધ્યાન.

અવળી પરિણતી આત્માની, વર્તે સબ સંસાર;
સવળી પરિણતી આત્માની, નિર્મલ પદ નિર્ધાર.
શુદ્ધ સ્વરૂપાધારમાં, ધ્યાન રહે સુખકાર;
ભવ ભ્રમણા સહેજે ટળે; પામે ચિદ્દ્ધન સાર.
ભોગ રોગ સમ લેખવે, આત્માર્થી જે ભવ્ય;
આત્મિક શુદ્ધ સ્વભાવતા, જ્ઞાનિ જન કર્તવ્ય.

આત્મા જ્યાં સુધી ખરાબ વિચારો કરે છે ત્યાં સુધી સંસાર છે, પરંતુ એ જ આત્મા જો શુભ વિચારો કરે છે તો તેને નિર્મળ એવું પરમાત્મ પદ મળે.

અને જો એ જ આત્મા, પોતાના જ વિશુદ્ધ એવા સ્વરૂપનું ધ્યાન કરે તો થોડી જ પળોમાં, તે આ સંસારના આવાગમનના ફેરાને બંધ કરી શકે છે અને પોતાનું ચિદ્દ્ધન એવું આત્મ સ્વરૂપ પામી શકે છે.

આથી જે આત્માર્થી અને ભવ્ય જીવો છે તે સંસારના રંગ–રાગને એક બિમારી સમજે છે. માટે જ્ઞાનીજનોનું એ કર્તવ્ય છે કે તે શુદ્ધાત્માનું જ ધ્યાન ધરે.

—સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી કૃત
'આત્મ પ્રકાશ' માંથી પા. ૧૧૩–૧૧૪
દુહા ૬૪–૬૫–૬૬.

# સંપાદકીય

ઉપધાનનો ઉલ્લેખ મહાનિશિથ સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, આચાર દિનકર, હીરપ્રશ્ન, શ્રી જૈન મત વિધિ વગેરે ગ્રંથોમાં મળી આવે છે. પરંતુ આ તપની શરૂઆત સૌ પ્રથમ કોને કરાવી ને ક્યાં કરાવી તે અનેકને પૂછપરછ કરવાથી તેમજ અનેક પુસ્તકોનું અધ્યયન કરવા છતાં ચોક્કસ સમય ને તેના જનકનું નામ જાણી શકાયું નથી. છતાંય એ અંગેની જેટલી ઉપલબ્ધ માહિતી અમને મળી શકી છે તે અમોએ આ અંકમાં આપી છે. જો કે ઘણી વિગતો રહી જવા પામવા સંભવ છે. છતાંય ઉપધાન વિષે એક અદકેરો ખ્યાલ આવી શકે એવું તમામ સાહિત્ય અમે ભેગું કરી બુદ્ધિપ્રભાના પાના પર રજુ કર્યું છે.

આ બધી માહિતી મેળવવા માટે આ અંકમાં જે પ્રશ્નોત્તરી આપી છે તે પ્રથમ તૈયાર કરીને તેની નકલો અમે અમુક અમુક વિદ્વાનો તેમજ આચાર્ય ભગવંતોને મોકલી આપી હતી અને અત્રે મુંબઈ તેમજ ઉપનગરોમાં આ તપ કરાવનાર પૂજ્ય શ્રમણ ભગવંતોનો સંપર્ક સાધ્યો હતો. સૌએ પોતપોતાનો યથાશક્તિ સહકાર આપ્યો હતો. ને યોગ્ય માર્ગદર્શન તેમજ ઉપધાનની માહિતી આપી હતી તે માટે હું ઇતિહાસના પારગામી, વિદ્વાન આચાર્ય પૂ. વિજયેન્દ્રસૂરિજી મ. સા. તેમના અંતેવાસી શ્રીમાન પંડિત કાશી બાબુ (ઇર્લા અંધેરી) પૂ. આ. મ. શ્રી લક્ષ્મણસૂરીશ્વરજી મ. સા, તેમના શિષ્ય કવિ કુલ કિરિટપં. શ્રી કીર્તિવિજયજી મ. (ઇર્લા) પૂ. આ. મ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ. સા, તેમના શિષ્ય સાહિત્ય વ્યાસંગી શ્રી યશોવિજયજી મ. સા, શ્રી સૂર્યોદય વિજયજી મ. સા. (વાલકેશ્વર). પૂ. આ. મ. શ્રી અમૃતસૂરીશ્વરજી મ. સા, તેમના શિષ્ય દ્રવ્યાનુયોગના મહાન અભ્યાસી શ્રી ધુરંધરવિજયજી ગણિ, (બોરીવલી), પૂ. પં. પ્ર. કવિરત્ન શ્રી યશોભદ્રવિજયજી મ. સા. (વીલેપાર્લા), તેમજ બેંગ્લોરથી પત્રો દ્વારા માહિતી પૂરી પાડનાર પૂ. આ. મ. શ્રી પૂર્ણાનંદસૂરીશ્વરજી મ. સા. સૌનો હું આભાર માનું છું.

ઉપધાનનું જ્ઞાન આમ તો ઉપધાન કરનાર અને કરાવનાર બેને જ મુખ્યતયા હોય છે. પરંતુ આવા અનુષ્ઠાન તરફ જ્યારે આજ લોકો વધૂ ઝૂકતા જાય છે ત્યારે જેમણે ઉપધાન કર્યા નથી, એવાઓને ઉપધાન વિષે સમજ આપવા ને તેની વિશિષ્ટતા સમજાવવા માટે આ એક નમ્ર પ્રયાસ કર્યો છે. જૈન અને જૈનેતર બધા જ જૈનધર્મના અનુષ્ઠાનને સમજે અને તેનું યોગ્ય મુલ્યાંકન કરે ને જૈનધર્મનો પ્રચાર કરે ને શાસનને બધી રીતે સમૃદ્ધ બનાવે એવા એક શુભ હેતુથી મેં આ 'ઉપધાન અંક' કાઢવાનો એક નમ્ર પ્રયોગ કર્યો છે. આ પ્રયોગની અધુરપ કે ભૂલો તરફ જો કોઈ મારું ધ્યાન ખેંચશે તો જરૂરથી હું તે સુધારવાનો પ્રયત્ન કરીશ. અંતમાં એક જ અનુરોધ કરવાનો કે ઉપધાનને લગતું કોઈ માહિતી ભરપૂર, ઇતિહાસ સિદ્ધ ને શાસ્ત્રીય સમજાવટ આપતું કોઈ પુસ્તક તૈયાર કરે એ ઘણું જરૂરી બની ગયું છે. કોઈ એ કામ ઉપાડશે તો જરૂર એક ઉમદા કાર્ય બની રહેશે.

# ચિંતન કણિકા

ઉપધાન એ નીવીના મિષ્ટાન્ન જમવાનું કંઈ સમુહ ભોજન નથી, સ્વાદ અને સ્પર્શના રોગોને વિશુદ્ધ કરતું એ તો આરોગ્ય ધામ છે.

*

ઉપધાન એ બાંધ્યા દિવસની કંઈ જેલ નથી, આંતર શત્રુઓ સામે વિજય મેળવવા માટેનો એ તો મુક્તિ જંગ છે.

*

ઉપધાન એ અમૂક સૂત્રોની માત્ર ગોખણપટ્ટી જ નથી; શ્રુત-ધર્મની સાધનાનું એ તો જ્ઞાનસત્ર છે.

*

ઉપધાન એ જાતે નોંતરેલો કંઇ દુકાળ નથી; અનાહારી પદ મેળવવાની એ તો ઉત્કૃષ્ટ સાધના છે.

*

ઉપધાન એ નાહ્યા ધોયા વિના, દિવસો સુધી ગંદકીમાં સબ-ડવાની ગટર નથી; સાધુત્વની જિંદગી સ્વીકારવાની એ તો પ્રાથમિક તૈયારી–પ્રેકટીશ છે.

*

ઉપધાન કરનાર તપસ્વીઓ એ સંસારથી કંટાળીને ભેગા થયેલા ભાગેડુઓની ટોળકી નથી, શ્રમણ જિંદગીની આરાધના કરતાં એ તો અર્ધા સાધુઓ છે.

*

ઉપધાન એ માત્ર ક્રિયાકાંડનો કોઈ નિરર્થક મહાયજ્ઞ નથી; યોગની પ્રક્રિયા શીખવતો એ તો તાલીમ વર્ગ–કોચીંગ કલાસ છે.

*

ઉપધાન એ 'ઓવર ટાઇમ' ખેંચાવતી કોઈની કડક નોકરી નથી; અપ્રમત્તદશાની આરાધના સાધતું મુક્તિ નાટકનું એ તો રીહર્સલ છે.

*

ઉપધાન એ અમુક દિવસો માટેની કંઈ ગુલામગીરી નથી; સંતોના સાન્નિધ્યનો એ તો અંતેવાસ છે.

—ગુણવંત શાહ

પૂજ્ય આચાર્ય મહારાજે ઘણે ઠેકાણે ઉપધાન કરાવી, અનેક જીવોને શ્રુત જ્ઞાનની વાચના આપીને, શાસ્ત્રીય જૈન બનાવ્યાં છે. ઉપધાનના તેઓ ગીતાર્થ છે.

આ અંકમાં અન્યત્ર પ્રશ્નો પ્રગટ કર્યાં છે. તે પ્રશ્નો ઉપર તેઓશ્રીએ બહુમૂલ્ય સમજ આપતાં જવાબ લખી મોકલ્યાં છે. આ અંકમાં અમુક જ જવાબ પ્રગટ કરી શકાયા છે, વધુ આવતા અંકે આવશે.

—સંપાદક

## ઉપધાન તપનું

(૧) ઉપધાન એટલે શું ?

જે શાસ્ત્ર સિદ્ધાન્ત ગ્રન્થોના અભ્યાસથી આત્માને આત્મ તત્ત્વનું અથવા પોતાના હિતાહિતનું ભાન થાય એવા શાસ્ત્ર સિદ્ધાન્ત ગ્રન્થોના અભ્યાસ માટે પરમોપકારી તીર્થંકર-ગણધરાદિ મહાપુરુષોએ જણાવેલા આઠ પ્રકારના જ્ઞાનાચારો પૈકી ચોથા નંબરનો આચાર-અનુષ્ઠાન વિશેષ.

(૨) 'ઉપધાન' શબ્દની વ્યુત્પત્તિ શું છે ?

**उप—समीपे धीयते श्रुतज्ञानम् अनेन इति उपधानम् ।** ગુરુજનની પાસે રહીને જે આચાર-અનુષ્ઠાન વિશેષના પરિપાલન વડે જીવનમાં શાસ્ત્રજ્ઞાનની ધારણા-અનુકૂળતા થાય તેનું નામ ઉપધાન.

(૩) આ તપની શરૂઆત કયા સંયોગમાં કોના વખતમાં થઈ ?

આ પ્રશ્નના ઉત્તર માટે થોડી તેની પૂર્વ ભૂમિકા અને જૈન ગૃહસ્થ માટે આ અનુષ્ઠાનની ઉપયોગિતા સમજવી જરૂરી છે,

જૈન શાસનમાં તેમજ કોઈ પણ

ધર્મમાં અજર-અમર-અનંત સુખના ધામ સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ માટે આત્મજ્ઞાન એ મુખ્ય સાધન મનાયું છે અને એ આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે ધર્મશાસ્ત્રોનો વ્યવસ્થિત અભ્યાસ અનિવાર્ય છે. એ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ સમ્યગ્-જ્ઞાનના કુલ આઠ આચારોના પાલન પૂર્વક કરવો જોઇએ. તેમાં પ્રથમ આચારનું નામ **કાલ-આચાર** છે. ભોજન જેમ અવસરે કરવામાં આવે તો જ શરીરમાં સાતેય ધાતુઓને પોષણ મળે છે. તેમ આ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ ગમે ત્યારે કરવાનો હોતો **નથી** પણ તેના માટે નિયત થયેલા સમયે કરવામાં આવે તો જ આત્માને આત્મ તત્ત્વ વગેરેનો સુયોગ્ય બોધ થઈ શકે છે. બીજા અને ત્રીજા આચારનું નામ **વિનય-આચાર** અને **બહુમાન-આચાર** છે. શાસ્ત્રના જાણકાર અને જીવનમાં શાસ્ત્રના તત્ત્વને પચાવનાર જે ગુરુદેવની પાસે આ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરવાનો હોય, તે ગુરુદેવનો વિનય તેમજ તેમના તરફ અંતરનું બહુમાન-પૂજ્યભાવ હોય તોજ શાસ્ત્રાભ્યાસ દ્વારા જીવનમાં થોડો પણ બોધ

**ર હ સ્ય**

**આ લેખના સર્જક છે**

પૂજ્ય આચાર્ય દેવેશ
શ્રીમદ્
વિજય ધર્મસૂરીશ્વરજી મ.
[ વાસકેશ્વર ]

વિકાસ પામે છે અને સ્થિરતા આવે છે. ચોથા આચારનું નામ **ઉપધાન–આચાર** છે. ધર્મશાસ્ત્રના સૂત્રાર્થ રહસ્યના બરાબર જાણકાર અને તેની યોગ્યતા ધરાવતા, ત્યાગી ગુરુદેવની પાસે બ્રહ્મચર્ય પાલન અને તપ–સંયમની સાધના પૂર્વક ધર્મશાસ્ત્ર યા સૂત્રગ્રન્થની વાચના એટલે કે પાઠ અને અર્થ ધારણ કરવા એનું નામ જૈનશાસનમાં સાધુઓને **માટે યોગ** અને ગૃહસ્થોને માટે **ઉપધાન–આચાર** તરીકે પ્રસિદ્ધ છે.

પોતાને જૈન તરીકે માનનાર મહાનુભાવ આત્મા ગૃહસ્થાશ્રમમાં પ્રમાદ વગેરે કારણે બીજી ધર્મારાધના કદાચ ન કરી શકે તો પણ જિનેશ્વર દેવની દ્રવ્ય અને ભાવપૂજા તો એણે અવશ્ય કરવી જ જોઈએ. પોતાને જૈન માનનાર વ્યકિતના દિલમાં પરમતારક જિનેશ્વરની દ્રવ્ય પૂજા યા ભાવ–પૂજા માટે આદર–પ્રેમ ન હોય તો તેને વાસ્તવિક રીતે જૈન કેમ કહેવાય ? અર્થાત્ જૈન માત્રનાં જીવનમાં જિનેશ્વર ભકિત હોવીજ જોઇએ. એ પ્રભુ ભક્તિ પ્રસંગે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન (જેને દેવવંદન કહેવાય છે તે) માં આવતા સૂત્રોનો અભ્યાસ પણ તેણે કરવો જોઈએ. નાની ઉંમરમાં આપણી પ્રાઠશાળામાં ભલે ધાર્મિક–ગૃહસ્થ–શિક્ષક પાસે એ અભ્યાસ કરવામાં આવે પરંતુ યોગ્ય વય થાય એટલે દેવવંદનના ઉપયોગમાં આવતા નવકાર–મંત્ર ઇરિયાવહી વગેરે બધાય સૂત્રોની સૂત્રવાચના અને અર્થવાચના ઉપધાન તપની આરાધના કરવા પૂર્વક ગીતાર્થ ગુરુદેવ પાસે લેવી જોઇએ, એમ બને ત્યારે જ એ બધા સૂત્રો શુદ્ધ ગણી શકાય. કદાચ કોઈ સંજોગોમાં આ ઉપધાન તપની આરાધના ન થઈ શકે તો પણ એના માટે દિલમાં ભાવના તો રહેવી જ જોઈએ.

ઉપધાન તપની આટલી ભૂમિકા અને ઉપયોગિતા ઉપરથી સમજી શકાશે કે જ્યાં જ્યાં જૈન શાસન વિદ્યમાન છે ત્યાં ત્યાં આ પ્રણાલિકા કાયમ માટે રહેલી જ છે. એટલે વર્તમાન અવસર્પિણી કાળની અપેક્ષાએ આપણા ભરત ક્ષેત્રમાં ભગવાન ઋષભદેવના સમયથી લઈને આજ સુધી આ ઉપધાન તપની આરાધના અખંડિત પણે ચાલુ છે. "સો બસો વર્ષો પહેલાં કોઈ આચાર્યાદિ સાધુ પુરૂષે આ ઉપધાન તપની પ્રવૃત્તિ શરૂ કરાવેલ છે. તે પહેલા આ પ્રવૃત્તિ ન હતી" એવું જો કોઈ માનતું હોય તો તે બરાબર નથી. તે તે કાળની અપેક્ષાએ જૈન શાસન જ્યારથી હતું અને જ્યાં સુધી વિદ્યમાન રહેશે, ત્યાં સુધી આ ઉપધાન તપની આરાધના ઓછા વધુ પ્રમાણમાં પણ કાયમ રહેવાની છે.

આગમ ગ્રન્થો પૈકી શ્રી **મહાનિશીથ** સૂત્રમાં આ ઉપધાન તપની આરાધનાનો ઘણા વિસ્તારથી અધિકાર આપવામાં આવેલ છે. લગભગ બે હજાર ત્રણસો

(૨૩૦૦) વર્ષ પહેલાં થયેલા ચઉદ પૂર્વધર શ્રુતકેવળી ભગવાન ભદ્રબાહુ સ્વામીએ રચેલી " **काले विणए बहुमाणे, उवहाणे तह अनिन्हवणे** " ગાથામાં પણ **उवहाणे** પદ ઉપધાન તપની આરાધનાનું સૂચક છે. આ સિવાય બીજા અનેક ગ્રન્થો ઉપધાન તપની આ આરાધના પ્રાચીન અને શાસ્ત્ર સિદ્ધ હોવા માટે સાક્ષિરૂપે આજે પણ વિદ્યમાન છે. જગદ્ગુરુ શ્રી હીરસૂરિ મહારાજને ઉપધાન તપની આરાધના અંગે પુછાયેલા પ્રશ્નો અને તેઓએ આપેલા ઉત્તરોનો સંગ્રહ **હીર પ્રશ્નોત્તર** નામના ગ્રન્થમાં આજે પ્રત્યક્ષ જોવા મળે છે. તેથી સિદ્ધ છે કે ઉપધાન તપની આરાધના જૈન શાસન સાથે નિયમિતપણે સંકળાયેલ છે.

(૪) હાલમાં જે વિધિ-વિધાન પ્રમાણે આ તપ થાય છે તે જ પ્રમાણે અગાઉ પણ આજ રીતે આરાધના થતી હતી કે તેમાં ક્રમિક ફેરફાર થવા પામ્યો છે? ફેરફાર થયો હોય તો કોના સમયમાં કયો ફેરફાર થયો છે?

એક માત્ર તપશ્ચર્યા સિવાય પ્રાયઃ અગાઉ જે વિધિ વિધાનથી આરાધના થતી હતી, આજે પણ તેજ વિધિ-વિધાનથી આરાધના થાય છે. ફકત તપશ્ચર્યામાં અગાઉ અઠ્ઠમ વગેરે ઉપવાસ અને આયંબિલથી આ આરાધના થતી હતી. હાલમાં ચોથું ઉપધાન (ચોકીયું) અને છઠ્ઠું ઉપધાન (છઠ્ઠીયું) એ બે ઉપધાન સિવાય બાકીના ચાર ઉપધાનમાં એક ઉપવાસ અને એક નીવી-એકાસણું કરાવવાની પ્રણાલિકા ચાલુ છે. અને તેમ કરવાનું મુખ્ય કારણ વર્તમાન સમયમાં શારીરિક બળ અગાઉ જેવું નથી તે છે. આ પરિવર્તન પણ પાંચ પચીશ વર્ષમાં થયું નથી. પણ જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજના સમયમાં અગર તેથી પણ પહેલાં થયું હોવાનું તે તે ગ્રન્થોમાં આવતી બાબ-તોથી પ્રસિદ્ધ છે. એમ છતાં ચોથું અને છઠ્ઠું ઉપધાન તો આજે પણ મૂળ વિધિમાં બતાવેલ તપસ્યા પ્રમાણે જ કરવામાં આવે છે. તેમાં એકાસણું-નીવી અપાતી નથી. પણ ઉપવાસ અને આયંબિલ જ કરાવાય છે. વળી કેટલાક ભાગ્યવાનો કે જેઓ શારિરીક બલ સાથે મનોબલની અનુકૂળતા વાળા છે તેઓ અત્યારે પણ મૂળ વિધિ પ્રમાણે ઉપવાસ-આયંબિલથી આ મહા તપની આરાધના કરનારા કોઈ કોઈ સ્થળે મળી આવે છે.

---

## આ લેખના લેખક

પૂજ્ય આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય ધર્મસૂરિશ્વરજી મ. સાહેબ ઉપધાન તેમજ શ્રુતધર્મના ગીતાર્થ છે એટલું જ નહિ સમાજના દુઃખ-દર્દ સાથે સમ સંવેદક પણ છે. તમે આ અંકનું ચોથું **'ટાઈટલ ચિત્ર'** જોયું? સમાજની વેદનાની ધડકન સાથે સમદુઃખી બનતાં સંતની પ્રેરણાની પ્રતિબિંબ પાડતી એ, ભૂલેશ્વર, માધવ બાગમાં બંધાતી નવીન ધર્મશાળાની એ ઇમારત છે.

વધુ પરિચય માટે આ અંકના પાના ૫૩ થી ૫૬ વાંચો......

---

# અધ્યાત્મ શિબિર

—ગુણવંત શાહ

**"ઉપધાન એ લાંઘણ કે અર્ધ ભૂખમરાનું દેહ કષ્ટ નથી; અશુદ્ધ થયેલા આત્માની ગંદકી દૂર કરવાની તાલીમ આપતી એ તો અધ્યાત્મ શિબિર છે."—આ રીતે ઉપધાનને આજની શૈલી ને શબ્દમાં સમજાવતો મનનીય લેખ. —સંપાદક**

એક વખતની વાત છે. જર્મન આંગ્લ વિદ્વાન મેકસમૂલર કાશીમાં આવ્યા હતા. કાશીના કોઈ પંડિતને તેમણે ગાયત્રી મંત્ર આપવા કહ્યું. પંડિતે તેના જવાબમાં જણાવ્યું કે "મહાશય ! એ મંત્ર અમે અમુક જ વ્યકિતઓને આપીએ છીએ કે જે વ્યકિત એ મંત્ર માટે યોગ્ય શાસ્ત્રીય આરાધના કરતી હોય."

મુસલમાનનાં મુલ્લાંઓ પણ તેમનું કુરાન તેમજ બીજા મંત્રો યોગ્ય સાધકોને જ આપે છે. આમ દરેક દર્શનમાં મંત્રો ને સૂત્રો માટે યોગ્ય સાધનાનો આગ્રહ રાખવામાં આવ્યો જ છે.

જૈન દર્શનમાં પણ સૂત્રો માટે સાધના બતાવી છે. એ સાધના તે ઉપધાન તપ. આ તપમાં છ સૂત્રોની સાધના કરાવવામાં આવે છે. આ છ સૂત્રો તે નવકાર મંત્ર, ઇરિયાવહી–તસ્સ ઉત્તરી, અરિહંત ચેઇયાણું અન્નત્થ, લોગસ્સ, નમુત્થુણં, પુક્ખરવદ્દી અને સિદ્ધાણું બુદ્ધાણું.

આ સૂત્રો ગણધર ભગવંતોએ બનાવેલાં છે. આમાં જે નમુત્થુણં સૂત્ર છે તે શક્રેન્દ્ર (ઇન્દ્રોના અધિપતિએ) બનાવેલું છે.

આ સૂત્રો તો હમણાં આપણે પુસ્તકોમાંથી વાંચીને ભણી શકીએ છીએ. પરંતુ જ્યારે મુદ્રણકળા ન હતી ત્યારે આ સૂત્રો પરંપરાગત કંઠસ્થ કરવામાં આવતા હતા. શ્રમણ સંઘના આદ્ય અધિપતિ શ્રી સુધર્મા ભગવંતે આ **ને**

બીજા સૂત્રોની રચના કરી હતી. તે રચનાને દ્વાદશાંગી નામે ઓળખવામાં આવે છે.

તે સમયના પૂજ્ય શ્રમણ ભગવંતો આ દ્વાદશાંગીને કંઠસ્થ કરીને સાચવતા હતા. પૂજ્ય ગણધર ભગવંત શ્રી સુધર્માસ્વામીના કાળધર્મ બાદ, કેટલાક સમય પછી ભયંકર દુકાળ પડયો. આ દુકાળ બાર વરસ ચાલ્યો. દુકાળના ભીષણ ઓળાઓએ ઘણાના પ્રાણ છીનવી લીધા. ઘણાની બુદ્ધિ મંદ કરી નાંખી. આથી જે પરંપરાગત દ્વાદશાંગી સચવાતી હતી તે આ દુકાળથી ખંડિત થવા લાગી. ત્યારે શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ સ્વામી બિરાજમાન હતા. તે સમયના શ્રમણ સંઘે આ અંગે ચિંતા વ્યક્ત કરી ને દ્વાદશાંગી સચવાઇ રહે તે માટે, બધા શ્રમણોએ ભેગા થઇને આ દ્વાદશાંગીનું અધ્યયન કર્યું. આ અધ્યયનને આપણી પરિભાષામાં વાચના કહેવામાં આવે છે.

આમ પહેલી વાચના શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુ સ્વામીની અધ્યક્ષતામાં થઇ. ત્યાર પછી વિક્રમના બીજા સૈકામાં એવો જ ભીષણ બાર વરસનો દુકાળ પડયો. ત્યારે મથુરામાં શ્રમણ સંઘ ભેગો થયો. અને આર્ય સ્કંદિલાચાર્યના સાન્નિધ્યમાં આ દ્વાદશાંગીની બીજી વાર વાચના કરવામાં આવી. એવી ત્રીજી-વારની વાચના વલ્લભીપુરમાં થઇ હતી.

ત્યાં સુધી તો એ દ્વાદશાંગી કંઠસ્થ-પણે જ સચવાતી હતી. પરંતુ ભગવાન મહાવીરના નિર્વાણ પછી લગભગ ૯૮૦ વરસ પછી ક્ષમાશ્રમણ શ્રી દેવર્ધિગણિ મહારાજે વલ્લભીપુરમાં આ દ્વાદશાંગીને લખાવી એની પ્રતો તૈયાર કરાવી અને એ પ્રતોને ભંડારમાં સુરક્ષિત રાખવામાં આવી.

એ પ્રતોના આધારે આજ આપણે પુસ્તકોમાં તે વાંચી શકીએ છીએ.

પણ તે વાચનાને શાસ્ત્રીય સાધનાથી ભણવામાં આવે તો તે ફળદાયી બને છે. આ માટે શાસ્ત્રોએ જે સાધના બતાવી છે તે ઉપધાન છે.

આ તપ ૧૧૦ દિવસનું છે. પરંતુ તે એક સાથે ન કરાવતાં અમુક અમુક સૂત્રોની અલગ અલગ સાધના કરાવવામાં આવે છે ને કાળક્રમે એ તપ પૂરો કરાવવામાં આવે છે. સૌ પ્રથમ એક સાથે નવકાર મંત્ર, ઇરિયાવહી ને તસ્સઉત્તરી, અરિહંત ચેઇયાણં ને અન્નત્થ, અને પુખ્ખરવર, સિદ્ધાણં બુધ્ધાણં—સૂત્રોની ૪૭ દિવસમાં વાચના આપવામાં આવે છે. ત્યાર પછી ૩૫ દિવસ સુધી ' નમુત્થુણં ' સૂત્રની સાધના કરાવવામાં આવે છે અને છેલ્લે 'લોગસ્સ' સૂત્રની અઠ્ઠાવીસ દિવસમાં વાચના આપી આ તપની પૂર્ણાહુતિ કરાવવામાં આવે છે.

**નવકાર મંત્ર**માં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતને નમસ્કાર કરવામાં આવ્યો છે. ભગવાનને કરેલા પ્રણામને મંગલ માન-

વામાં આવે છે. આ સૂત્રમાં પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરેલા હોવાથી શાસ્ત્રોમાં આ મંત્ર પંચ મંગલ મહાશ્રુત સ્કંધ તરીકે જાણીતો છે.

**ઇરિયાવહી** એટલે ઐર્યાપથિકી. આ પારિભાષિક શબ્દ છે. ઐર્યાપથિકી એટલે જવા આવવાના રસ્તા સંબંધી. આ સૂત્રમાં અહિંસાની સ્થૂલ સમજ આપી છે. રસ્તે ચાલતાં, ફરતાં કોઇપણ જીવને પછી તે લીલોતરીનો જીવ હોય કે પાંચ ઇન્દ્રિયવાળો કોઇ મનુષ્ય કે પ્રાણીનો જીવ હોય તેને જાણતાં કે અજાણતા કંઇપણ નાનું કે મોટું દુઃખ પહોંચાડયું હોય તે દુઃખની માફી

## ઉપધાનનું ગણિત.

પહેલા ઉપધાન—૧૨ાા ઉપવાસનો તપ ૧૮ દિવસોમાં કરાવાય છે. બીજા ઉપધાન—૧૨ાા ઉપવાસનો તપ ૧૮ દિવસોમાં કરાવાય છે. ત્રીજા ઉપધાન—૧૯ાા ઉપવાસનો તપ ૩૫ દિવસોમાં કરાવાય છે. ચોથા ઉપધાન—૨ાા ઉપવાસનો તપ ૪ દિવસોમાં કરાવાય છે. પાંચમા ઉપધાન—૧૫ાા ઉપવાસનો તપ ૨૮ દિવસોમાં કરાવાય છે. છઠ્ઠા ઉપધાન—૪ાા ઉપવાસનો તપ ૭ દિવસોમાં કરાવાય છે.

માંગવામાં આવી છે. પાપથી પાછા ફરવાની પ્રતિજ્ઞા આ સૂત્રમાં લેવામાં આવે છે તેથી તેને પ્રતિક્રમણ શ્રુત સ્કંધ નામે પણ ઓળખવામાં આવે છે.

**તસ્સ ઉત્તરી**—એટલે વિશેષ આલોચના ને નિંદા. આગળના ઇરીયાવહી સૂત્રમાં જે પાપનો એકરાર કરવામાં આવ્યો છે તેના અનુસંધાનમાં આ સૂત્રથી એ એકરાર માટે પ્રાયશ્ચિત કરવામાં આવે છે. માનવી પોતાની જાતની જ નિંદા આમાં કરે છે. અને એ પાપ ફરી ન થાય માટે મનને નિર્મળ બનાવવા 'હું કાઉસ્સગ્ગ કરું છું' એમ કહી કાઉસ્સગ્ગ કરવાની વાત બતાવવામાં આવી છે.

**'અરિહંત ચેઇયાણં'** એટલે અરિહંતના ચૈત્યો. ચૈત્ય એટલે મંદિર, જૈનોના મંદિરને ચૈત્ય નામે ઓળખવામાં આવે છે. મંદિરમાં ભગવાનની મૂર્તિ રહે છે. અહીં મૂર્તિને અગ્રાહાર રાખી છે. એ જિનમૂર્તિને સામે રાખીને, શરીરની પ્રવૃત્તિઓનો શા શા માટે ત્યાગ કરવામાં આવે છે તેની વિગત બતાવવામાં આવી છે. ચૈત્યને મધ્યમાં રાખી આ સૂત્ર બનેલું હોઇ તેને 'ચૈત્યસ્તવ' સૂત્ર નામે પણ ઓળખવામાં આવે છે.

**'અન્નત્થ'** એ માગધી શબ્દ છે. તેનો અર્થ છે અપવાદ, મનને સ્થિર કરવા માટે પહેલાં શરીરને સ્થિર કરવું જરૂરી છે. શરીરની સ્થિરતા ક્યા ક્યા

કારણોથી વિચલિત થાય છે તેની આ સૂત્રમાં વિગતભરી નોંધ લેવામાં આવી છે. એ કારણોથી દૂર રહીને 'હું શારીરિક બધી પ્રવૃત્તિનો ત્યાગ' કરું છું' એવી પ્રતિજ્ઞા લેવામાં આવે છે.

**પુષ્ખરવર** એ એક દ્વીપનું નામ છે. આજની ભૂગોળમાં અને જૈન ભૂગોળમાં ઘણો તફાવત છે. જૈન ભૂગોળ પ્રમાણે જે ખંડ, દ્વીપ અને ક્ષેત્રો છે તેની નોંધ લઇ એ ક્ષેત્રોનાં જે શ્રુતધર્મીઓ છે તેને વંદના કરવામાં આવી છે. અને શ્રુતજ્ઞાનની મહત્તા બતાવવામાં આવી છે. શ્રુતજ્ઞાન એટલે સાંભળેલું જ્ઞાન. તીર્થંકર ભગવંતોએ જે દેશના આપી તે ગણધર ભગવંતોએ સાંભળી અને તેને કંઠસ્થ કરી. કાળક્રમે એની પ્રતો લખાઇ અને આજના પુસ્તક આકારે પ્રગટ થઈ. તિર્થંકરો પાસેથી સાંભળીને જે જ્ઞાન ગણધર ભગવંતોએ આપણને આપ્યું તે શ્રુતજ્ઞાન એમ સમજવું.

શ્રુતધર્મની આ સૂત્રમાં વિશિષ્ટતા હોઇ તેને શ્રુતસ્તવ સૂત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે.

**'સિદ્ધાણં બુદ્ધાણં'** જેઓ મોક્ષે ગયા છે, જેઓ સર્વજ્ઞ છે. એવા સિદ્ધ ભગવંતો અને સર્વજ્ઞોને આ સૂત્રમાં નમસ્કાર કરવામાં આવ્યો છે. આ આખુ સૂત્ર સિદ્ધ ભગવંતોને અનુલક્ષીને રચાયેલું હોઇ તેને 'સિદ્ધસ્તવ' સૂત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે.

### ઉપધાનનો શબ્દ કોષ.

૧–ઉપધાનના ૧૮ દિવસ હોવાથી તે પહેલું અઢારીયું કહેવાય છે.

૨–ઉપધાનના ૧૮ દિવસ હોવાથી તે બીજું અઢારીયું કહેવાય છે.

૩–ઉપધાનના ૩૫ દિવસ હોવાથી તે ત્રીજું પાંત્રીસું કહેવાય છે.

૪–ઉપધાનના ૪ દિવસ હોવાથી તે ચોથું ચોકીયું કહેવાય છે.

૫–ઉપધાનના ૨૮ દિવસ હોવાથી તે પાંચમું અઠ્ઠાવીસું કહેવાય છે.

૬–ઉપધાનના ૭ દિવસ હોવાથી તે છઠ્ઠું છકીયું કહેવાય છે.

**નમુત્થુણં** એટલે વંદના હો. તીર્થંકર ભગવંતોના ચ્યવન પ્રસંગે યાને કે જ્યારે તીર્થંકરનો જીવ માતાના ગર્ભમાં આવે છે ત્યારે શક્ર મહારાજ (ઇંદ્ર) આ સૂત્રથી તેમની સ્તુતિ કરે છે ને વંદના કરે છે. આ સૂત્રમાં તીર્થંકર ભગવંતને જુદા જુદા શબ્દાલંકારથી નવાજવામાં આવ્યા છે. ઉપરાંત ભૂતકાળમાં થઈ ગયેલા, ભવિષ્યમાં થનારા અને વર્તમાનકાળમાં વિચરતા તમામ સિદ્ધ ભગવંતોને પ્રણામ કરવામાં આવે છે. પ્રણામની આમાં મુખ્યતયા હોઈ આ સૂત્રને પ્રણિપાત સૂત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમજ શક્રેન્દ્રે

## ઉપધાનનો સર + વાળો

૧. શ્રી જિનાજ્ઞા પાલનનો મહાલાભ પ્રાપ્ત થાય છે.

૨. સતત્ તપ વડે ચીકણાં કર્મોનું શોષણ થાય છે.

૩. નાશવંત શરીરમાંથી અમૂલ્ય સાર ગ્રહણ થાય છે.

૪. શ્રુતની ભક્તિ અને આરાધનાનો લાભ મળે છે.

૫. પૌષધમાં રહેવાથી સાધુપણાની તુલના થાય છે.

૬. ઇન્દ્રિયો અને કષાયોનું દમન થાય છે.

૭. સારોએ દિવસ સંવરની ક્રિયામાં જ પસાર થાય છે.

૮. દેવવંદનની ક્રિયા વડે દેવભક્તિ અને ગુરૂવંદનની ક્રિયા વડે ગુરૂભક્તિ થાય છે.

૯. અભક્ષ્યના ભક્ષણનો, અપેયના પાનનો અને રાત્રિભોજન આદિનો ત્યાગ થાય છે.

૧૦. સર્વ પાપ વ્યાપારોનો, શરીરની શુશ્રૂષાનો અને અબ્રહ્મનો ત્યાગ થાય છે.

આ સૂત્રની રચના કરેલી હોઈ 'શક્રસ્તવ સૂત્ર' તરીકે પણ ઓળખવામાં આવે છે.

**લોગસ્સ** એટલે લોકનો–જગતનો. આ સૂત્રમાં છેલ્લા થઈ ગયેલા ચોવીસ તીર્થંકરોના નામ બતાવ્યા છે. અને તેમને સવિનય વંદના કરી, ભાવસમાધિ–મોક્ષ–માંગતી પ્રાર્થના કરવામાં આવી છે. ચોવીશે જિન ભગવંતોની વંદના કરી હોવાથી આ સૂત્ર તે 'ચતુર્વિંશતિ જિન સ્તવન' તરીકે ઓળખવામાં આવે છે. ટૂંકમાં કેટલાક તેને 'નામસ્તવ' તરીકે પણ ઓળખાવે છે.

ઉપધાનના ૧૧૦ દિવસમાં આ સૂત્રોની વાચના આપવામા આવે છે. પહેલું ઉપધાન અઢાર દિવસનું હોય છે. આ ઉપધાન નવકારની સાધના માટે કરાવાય છે. આ અઢાર દિવસમાં બે વાચના આપવામાં આવે છે. પહેલી વાચના માટે પાંચ ઉપવાસ કરવાના હોય છે. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં અને નમો લોએ સવ્વસાહૂણં. આ પાંચ પદવા પહેલી વચાના પૂરી થાય છે. બીજી વાચનામાં નવકાર મંત્ર પૂરો કરવામાં આવે છે. આ વાચના માટે છા ઉપવાસ કરવાના હોય છે. આમ પહેલા અઢાર દિવસમાં નવકાર મંત્રની સાધના પૂરી કરવામાં આવે છે.

બીજા અઢાર દિવસમાં ઈરીયાવહી

ને તસ્સ ઉત્તરી સૂત્રની સાધના કરાવવામાં આવે છે. આ સાધના પણ બે વાચનામાં પૂરી કરવામાં આવે છે. પહેલી વાચના ઇચ્છાકારેણ સંદિસહ ભગવનથી, જે મે જીવા વિરાહીયા સુધી આપવામાં આવે છે. તે માટે પાંચ ઉપવાસ કરવાના હોય છે. બીજી વાચનામાં બાકીની ઇરિયાવહીના પદ અને તસ્સ ઉત્તરી પુરૂં કરાવવાંમાં આવે છે. જે માટે સાડા સાત ઉપવાસનો તપ કરવાનો હોય છે.

ચોથુ ઉપધાન અરિહંત ચેઇયાણં અને અન્નત્થ સૂત્ર માટે કરવામાં આવે છે. ચાર દિવસની સાધનામાં આ બેય સૂત્રોની એક જ વાચના આપવામાં આવે છે અને તે માટે અઢી ઉપવાસની તપશ્ચર્યા કરવાની હોય છે.

પુક્ખરવર સૂત્રની વાચના એક જ વખતમાં આપવામાં આવે છે ને તે માટે બે ઉપવાસની સાધના બતાવી છે, સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રની વાચના માટે અઢી ઉપવાસનો તપ કરવાનો હોય છે. એ બેય સૂત્રો માટેનું એક જ ઉપધાન ગણવામાં આવે છે ને ૭ દિવસમાં બે વાચનાથી તે પૂરું કરવામાં આવે છે.

એકસો દસ દિવસ સુધી એકધારી સ્થિરતા, તપ, ધ્યાન વગેરે કરતાં માનસિક કંટાળો કે પ્રમાદ આવવાની સંભાવના હોવાથી દરેક જીવ સુલભતા ને સુગમતાથી આ તપની આરાધના

## ઉપધાનની બાદ-બાકી

૧ પડિલેહણ વિનાનું વસ્ત્ર વાપરે
૨ મુહપત્તિ કે ચરવળાની આડ પડે
૩ નવકારવાળી ગણતાં પડી જાય
૪ પડિલેહણ કરતાં બોલે
૫ સચિત્તનો સંઘટ્ટો થાય
૬ લુગડામાંથી કે શરીર ઉપરથી જુ નીકળે
૭ સ્થાપનાચાર્યજી પડી જાય
૮ કાજામાંથી જીવતું કલેવર નીકળે
૯ નવકારવાળી ગણતાં બોલે
૧૦ તિર્યંચનો સંઘટ્ટો થાય
૧૧ પુરુષને સ્ત્રીનો, સ્ત્રીને પુરુષનો સંઘટ્ટો
૧૨ રાત્રે સંથારા પોરસી ભણાવ્યા વિના નિંદ્રા લે
૧૩ દીવાથી કે વિજળીની ઉજેહી લાગે
૧૪ મુખ આગળ મુહપત્તિ રાખ્યા વિના બોલે
૧૫ મોઢામાંથી એકું નીકળે
૧૬ જીવજંતુની જાણતા અજાણતા હિંસા થાય
૧૭ એઠા મોઢે વાતો કરે
૧૮ માથે કામળી નાખવાના કાળમાં કામળી નાખ્યા વિના ખુલ્લી જગ્યામાં જાય વગેરેથી આલોયણ આવે છે.

કરી શકે તે માટે નવકાર, ઇરિયાવહી, તસ્સઉત્તરી, અરિહંત ચેઇયાણું–અન્નત્થ અને પુક્ખરવરને સિદ્ધાણું-બુદ્ધાણું આ સૂત્રોની એક સાથે આરાધના કરાવવામાં આવે છે. ૪૭ દિવસમાં તે સાધના પૂરી થાય છે. આ ચારે સૂત્રના ઉપધાન એક સાથે જ કરવાના હોય છે. બાકીના બે ઉપધાન, આગળના ઉપધાન કરનાર તેની અનુકૂળતાએ કરી લે છે. આ ચાર ઉપધાન કર્યા હોય નમુત્થુણંથી પુરિસવર ગંધહત્થીણં સુધીની, લોગુત્તમાણંથી ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણં સુધીની અને ત્રીજી વાચના અપ્પડિહય વરનાણથી તિવિહેણ વંદામિ સુધીની આપવામાં આવે છે. આ ત્રણે વાચના માટે કુલ ૧૯ાા ઉપવાસ કરવાના હોય છે. પહેલી વાચના માટે ત્રણ, બીજી વાચના માટે આઠ અને ત્રીજી વાંચના માટે ૮ાા ઉપવાસ એમ સાધના કરાવાય છે. આ

## એ શા માટે ?

પહેલું ઉપધાન–શ્રી પંચમંગલ મહા શ્રુતસ્કંધ–નવકાર મંત્ર ભણવા માટે.

બીજું ઉપધાન–શ્રી પ્રતિક્રમણ શ્રુતસ્કંધ–ઇરિયાવહિયં અને તસ્સઉત્તરી ભણવા માટે.

ત્રીજું ઉપધાન–શ્રી શક્રસ્તવ અધ્યયન–નમુત્થુણં સૂત્ર ભણવા માટે.

ચોથું ઉપધાન–શ્રી ચૈત્યસ્તવ અધ્યયન–અરિહંત ચેઇયાણં અને અન્નત્થ સૂત્ર ભણવા માટે

પાંચમું ઉપધાન–શ્રીનામસ્તવ–અધ્યયન–લોગસ્સ સૂત્ર ભણવા માટે.

છઠ્ઠું ઉપધાન–શ્રી શ્રુતસ્તવ, સિદ્ધસ્તવ, અધ્યયન પુક્ખરવરદી૦ સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં સૂત્રો ભણવા માટે.

તે જ બાકીના બે ઉપધાન કરી શકે છે. બાકીના બે ઉપધાન અનુક્રમે પહેલા કરે ને પછી આ ચાર ઉપધાન કરે એમ બનતું જોવાથી નથી. આ ચાર ઉપધાન કરવાવાળાને જ બાકીના બે ઉપધાન કરવાનો અધિકાર છે. બાકીના બે ઉપધાન તે 'નુમુત્થુણં'નું ઉપધાન અને 'લોગસ્સ' નું ઉપધાન.

પહેલાં 'નમુત્થુણં'ની આરાધના કરવાની હોય છે ને છેલ્લા 'લોગસ્સ' ની. 'નમુત્થુણં' સૂત્રની આરાધના ત્રણ વાચનાએ પૂરી થાય છે. પહેલી વાચના સૂત્રની સાધના માટે પચીસ દિવસ લાગે છે.

છેલ્લુ 'લોગસ્સ' ઉપધાન અઠ્ઠાવીસ દિવસનું હોય છે. આ સૂત્ર પણ ત્રણ વાચનાએ પૂરું કરવામાં આવે છે. પહેલી વાચના લોગસ્સ ઉજ્જોઅગરેથી ચઉવીસંપી કેવલી સુધી ત્રણ ઉપવાસથી, બીજી વાચના ઉસભમજિઅંચ વંદેથી પાસં તહ વદ્ધ માણંચ સુધી, ૬ાા ઉપવાસથી, અને ત્રીજી વાચના

એવં મએ અભિથુઆથી સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ સુધી ૬ાા ઉપવાસથી આપવામાં આવે છે.

આમ ૭ સૂત્રો માટે તેર વાચના અપાય છે. જે પૂજ્ય શ્રમણ ભગવંતોએ મહાનિશિથ સૂત્રના યોગની સાધના કરી હોય તે જ આ સૂત્રોની વાચના આપી શકે છે.

આ ઉપધાનની આરાધનામાં ઉપવાસ, આયંબીલ વગેરે શારિરીક તપ છે એટલું જ નહિ, માનસિક તપનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો અજાણતાં થયેલાં સૂક્ષ્મ તેમજ સ્થૂલ પાપોનો એકરાર ને તે, માટેનો પસ્તાવો વગેરેથી મનને વિશુદ્ધ બનાવવામાં આવે છે. આ તપમાં જ્ઞાન અને ક્રિયા બંનેનું સાયુજ્ય સાધવામાં આવ્યું છે.

શરીર અને મન બંનેની વિશુદ્ધિ કરતું આ મહાતપ, આપણા ગીતાર્થ ભગવંતોએ કરેલી જ્ઞાન અને ક્રિયાની ગોઠવણી ખરખર અદ્‌ભૂત છે.

આ તપ સામુદાયિક થતો હોઇ આજના યુગમાં સેવાદળ, એન સી. સી, આર એસ એસ, સ્કાઉટ વગેરેના

# ઉપધાનનો વ્યાયામ.

## ૧૦૦ ખમાસમણ આપતી વખતે બોલવાનાં પદ.

**( માળ પહેરનારા પહેલા અઢારીયાવાળાઓ માટે )**

(૧) પહેલું ઉપધાન–શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધાય નમોનમઃ

**(માળવાળાને બીજા અઢારીયામાં પ્રવેશ કર્યા બાદ)**

(૨) બીજું ઉપધાન–શ્રી પ્રતિક્રમણ શ્રુતસ્કંધાય નમોનમઃ

**(માળ પહેરી લીધા બાદ પાંત્રીસું કરનારા માટે)**

(૩) ત્રીજું ઉપધાન–શ્રી શક્રસ્તવ અધ્યયનાય નમોનમઃ

**(માળ પહેરનારાઓને ચોથા ચોકીયાના ઉપધાન વખતે)**

(૪) ચોથું ઉપધાન–શ્રી ચૈત્યસ્તવ અધ્યયનાય નમોનમઃ

**(પાંચમું ઉપધાન અઠ્ઠાવીસું કરનારા માટે)**

(૫) પાંચમું ઉપધાન–શ્રી નામસ્તવ અધ્યયનાય નમોનમઃ

**(માળ પહેરનારાઓને છઠ્ઠા છકીયાના ઉપધાન પ્રસંગે)**

(૬) છઠ્ઠું ઉપધાન–શ્રી શ્રુતસ્તવ–સિદ્ધસ્તવ અધ્યયનાય નમોનમઃ

છે. જૈન ભાષામાં કહું તો આ આરાધનામાં બાહ્ય અને અભ્યંતર બે પ્રકારનો તપ કરવાનો હોય છે. સૂત્રોનો અભ્યાસ, તેનું મનન ને ચિંતન, બે ટંકના પ્રતિક્રમણ, રોજની સો સો વંદના (ખમાસમણો), રોજના ૨૧૬૦૦ નવકારનું ધ્યાન, વ્યાખ્યાન શ્રવણ, જાણતાં કેમ્પની યાદ આપી જાય છે. આથી આ ઉપધાન તપને લાક્ષણિક શૈલીમાં સમજાવું તો એમ કહી શકાય કેઃ— ઉપધાન એ લાંઘણ કે અર્ધ ભૂખમરાનું દેહ કષ્ટ નથી; અશુદ્ધ થયેલા આત્માની ગંદકી દૂર કરવાની તાલીમ આપતી એ તો આધ્યાત્મ શિબિર છે.

# સર્વશીરોમણી

કુમારપાળ વી. શાહ,
(વીજાપુરવાળા)

[ ઉપધાન તપને સંક્ષિપ્તમાં છતાંય, તેની કાર્યવાહીને સાર્વગ્રાહી રીતે સમજાવી જતો મનનીય સંક્ષિપ્ત પણ સચોટ લેખ.

—સંપાદક ]

ક્ષમામૂર્તિ, મહાતપસ્વી ભગવાન મહાવીર પ્રભુના જીવનક્રમમાંથી આપણને અનેક પરિપકવ ફળો રૂપે વારસો મળ્યો છે તેમાં એક મુખ્ય વસ્તુ 'તપ' પણ છે. ભગવાન મહાવીર પછીના ૨૫૦૦ વર્ષના દીર્ઘ સમય પછી પણ આ તપ રૂપી વારસાને જૈન સમાજે આજ સુધી જીવંત અને જ્વલંત રાખ્યો છે. જૈનો તપ માટે તો જગતમાં અન્યથી ઘણા જ આગળ છે. પંડિત સુખલાલજીના શબ્દોમાં કહીએ તો "આજે પણ તપ આચરવામાં જૈનો એક્કા ગણાય છે,

## મુંબઈના આંગણે તપસ્વીઓનો જામેલો મંગળ મેળો

| ક્યાં | કોની નિશ્રામાં | બેનો | ભાઈઓ | કુલ | માળ |
|---|---|---|---|---|---|
| ૧. વાલકેશ્વર, | આચાર્ય ધર્મસુરીશ્વરજી મ. સા. | ૨૯ | ૨૫૦ | ૨૭૯ | ૧૨૧ |
| ૨. ઇર્લા (અંધેરી), | આચાર્ય લક્ષ્મણ સુરીશ્વરજી મ. સા. | ૧૪ | ૧૦૬ | ૧૨૦ | ૫૦ |
| ૩. બોરીવલી, | આચાર્ય અમૃત સુરીશ્વરજી મ. સા. | ૧૮ | ૮૪ | ૧૦૨ | ૪૮ |
| ૪. પારલા, | પંન્યાસપ્રવર શ્રીયશોભદ્રવિજયજી મ. સા. | ૯ | ૯૨ | ૧૦૧ | ૪૦ |
| | | ૭૦ | ૫૩૨ | ૬૦૨ | ૨૫૯ |

બીજી કોઈપણ બાબતોમાં જૈનો કદાચ બીજા કરતાં પાછળ રહે પણ જો તપની પરીક્ષા ખાસ કરીને ઉપવાસ આયંબીલની પરિક્ષા લેવામાં આવે તો આખા દેશમાં અને કદાચ આખી દુનિયામાં પહેલે નંબરે આવે."

તપ કરવાથી કર્મની નિર્જરા થાય છે. તપ અખંડ લાંઘણ માત્રથી જ થાય છે તેમ નથી. બીજી બાર રીતોથી પણ કરાય છે. તપનો પહેલો પ્રકાર **અનશન** છે. અનશન એટલે શ્રદ્ધા અને મોક્ષ મેળવવાની દઢ ઇચ્છા સાથે કરાયેલો ઉપવાસ કે આયંબીલ. ઉપવાસ અને આયંબીલ કરવામાં જૈનોએ ઘણી જ પ્રગતિ કરી છે. ૪૫ અને ૩૦ ઉપવાસ સુધીની પણ મહાન તપશ્ચર્યાઓ

કરે છે, અભીગ્રહના અઠ્ઠમો, ચંદનબાળાના અઠ્ઠમો, છઠ્ઠો (બે ઉપવાસો), અઠ્ઠાઇઓ, આયંબીલની ઓળીઓ અને કઠીણમાં કઠીણ એવું ઉપધાન તપ પણ જૈનો આચરવામાં બાકી રહેતા નથી.

'ઉપધાન તપ' એ સર્વે તપોમાં સર્વ શીરોમણી મહાતપ કહીએ તો કંઇ અયોગ્ય નથી. ઉપધાન શબ્દનો અર્થ ઉપ—એટલે સમીપે—ગુરૂ સમીપે—ધાન એટલે ધારણ કરવું. 'નવકારાદિ સૂત્રોને શાસ્રોક્ત મુજબ ગુરૂમહારાજને મુખેથી ગ્રહણ કરવાં તે થાય છે.' આ મહાતપ પાછળ ઘણો જ શ્રમ કરવો પડે છે.

ઉપધાન તપ દરમ્યાન શું કરવાનું.

(૧) એક લાખ સર્વ શિરોમણી નવકાર મંત્રોનો જાપ,
(૨) ૩૧૦૦૦ ઉપરાંત લોગસ્સ સૂત્રના સ્મરણ દ્વારા તીર્થંકર દેવોનું ધ્યાન.
(૩) ૧૧૦૦૦ (અગીઆર હજાર) ખમાસમણા.
(૪) ૧૧૦ દિવસ પર્યંત ત્યાગી જીવન.
(૫) પ્રતિક્રમણ, દેવવંદન, પડિલેહણ તથા ગુરૂવંદન જેવી પવિત્ર ક્રિયાઓનું આચરણ.
(૬) દેરાસરમાં પ્રભુના દર્શન, આઠ સ્તુતિપૂર્વક દેવવંદના.
(૭) યોજનાપૂર્વકના કઠીન ઉપવાસો અને આયંબીલ.
(૮) આ ઉપરાંત અનેક નાની મોટી ધાર્મિક પ્રવૃત્તિઓ તથા ક્રિયાઓનું પાલન.

આમ ઉપધાન તપની આરાધના એટલે સમ્યગ્ દર્શન [ True Faith ], સમ્યગ્ જ્ઞાન [True Knowledge] અને સમ્યગ્ ચારિત્ર [True Conduct] ની આરાધના માટેનો અનુપમ શિક્ષણ વર્ગ. મેં જ્યારે તા. ૧૬–૧૨–૬૩ ના દિવસે વાલકેશ્વર અંધેરી તથા બોરીવલીના ઉપધાન તપમાં બીરાજમાન તપસ્વીઓની મુલાકાત લીધેલી તે વખતે મારા મન પર જે અસર થઇ તે હું આ સ્થળ પર વર્ણવી શકવા શક્તિમાન નથી. તપસ્વીઓની શાંત મુદ્રા તથા તપસ્વીઓની શાતા પુછવા આવનાર વ્યક્તિઓ જોઇને મને કોઇ મોટી હોસ્પીટલની યાદ આવી ગઇ. મને આ સ્થળો કામ, ક્રોધ, મોહ અને માયા રૂપી દર્દને નાશ કરવા માટેની આ હોસ્પીટલ જણાઇ.

અને ખરેખર ઉપધાન તપમાં ક્રિયાઓ, તપનો અને ત્યાગનો ત્રીભેટો થતો હોવાથી ઉપધાન તપ સર્વ શીરોમણ તપ બની જાય છે.

# એક સવાલ મેં કરું — એક સવાલ તુમ કરો

મુનિ મહારાજ
( ઉત્તરદાતા )

જિજ્ઞાસુ
( પ્રશ્નક )

[ઉપધાન વિષે અહીં પૂછાયેલા સવાલોના ઘણા જવાબ તો 'જિજ્ઞાસુ' જાણતો હતો, પરંતુ એક જિજ્ઞાસુ ભાવથી ઉપધાનની સંપૂર્ણ માહિતી એક માળખારૂપે મળી રહે તેમજ ઉપધાન કરનાર અને નહીં કરનાર ઉપરાંત તે કરવાની ભાવના કરનાર સૌને, ઉપધાન વિષે સાદી સમજ મળે એ હેતુથી 'જિજ્ઞાસુ' એ આ પ્રશ્નો પૂછ્યાં હતાં. એક મુનિ મહારાજ તરફથી પ્રશ્નોના ક્રમબદ્ધ જવાબ મળ્યા હતા તેના આધારે ને અનુભવે, 'જિજ્ઞાસુ' એ ઉપધાન પ્રશ્નોત્તરી અહીં રજુ કરી છે. —સંપાદક. ]

સ. ૧–ઉપધાન એટલે શું ?

જવાબ–તપ–જપ દ્વારા ગુરુગમ વડે સૂત્રને ભણવાનો અધિકાર પ્રાપ્ત કરવો તેનું નામ ઉપધાન.

સ. ૨–ઉપધાન શબ્દની વ્યુત્પત્તિ શું છે?

જવાબ–ઉપ સમીપે ધીયતે ક્રિયતે સૂત્રાદિકં યેન તપસા તદુપધાનમ્.

સ. ૩–આ તપની શરૂઆત કેવી રીતે, કયા સંજોગોમાં, કોના વખતમાં થઈ અને તેની શરૂઆત કરનાર કોણ છે?

જવાબ–ઉપધાન તપ પ્રાચીન કાળથી ચાલે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં તેનો ઉલ્લેખ છે. ઉપધાન કર્યા વગર સૂત્રાદિક ભણતાં અતિચાર લાગે છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ 'અતિચાર'માં આવે છે.

સ. ૪–અત્યારે જે વિધિ–વિધાન પ્રમાણે આ તપ થાય છે તેજ રીતે અગાઉ આ ઉપધાન થતા હતાં કે તેમાં ક્રમિક ફેરફાર થવા પામ્યા છે? તે ફેરફાર ક્યા, ક્યારે અને કોના વખતમાં થયાં ?

જવાબ–અત્યારે પ્રાચીન કાળ મુજબ ઉપધાન કરવામાં આવતાં નથી પણ

પરંપરાથી ગીતાર્થ આચાર્ય દેવો જે પ્રમાણે કરાવતાં આવ્યા છે તે વિધિ ચાલે છે.

સ. ૫–ઉપધાન કેટલા દિવસના ?

જવાબ–પ્રથમ ઉપધાન (પંચમંગલ મહાશ્રુત સ્કંધ–નવકાર મંત્ર) ૧૮ દિવસ સુધી, બીજું ઉપધાન [પ્રતિક્રમણ શ્રુત સ્કંધ–ઇરિયાવહિ અને તસ્સ ઉત્તરી સૂત્ર] ૧૮ દિવસ સુધી, ત્રીજું ઉપધાન [શક્રસ્તવાધ્યયન–નમુત્થુણં સૂત્ર] ૩૫ દિવસ સુધી, ચોથું ઉપધાન-[ચૈત્યસ્તવાધ્યયન–અરિહંત ચેઇયાણં સૂત્ર] ૪ દિવસ સુધી, પાંચમું ઉપધાન [શ્રુતસ્તવ અને સિદ્ધાણં બુધ્ધાણં] ૭ દિવસ સુધી, આમ કુલ ૧૧૦ દિવસ ઉપધાનના હોય છે.

સ. ૬–પાંત્રીસુ અને અઠ્ઠાવીસું એ આ તપના અંતર્ભાગ છે કે સ્વતંત્ર તપ છે?

જવાબ–ઉપરની હકીકતથી સમજી શકાશે કે પાંત્રીસુ અને અઠ્ઠાવીસુ એ જુદા જુદા સૂત્રોની આરાધના કરવા માટે સ્વતંત્ર તપ છે. સૂત્રો માટે જ તે સ્વતંત્ર છે પરંતુ ઉપધાનના સળંગ તપના તો એ માત્ર ભાગ જ છે. તે દૃષ્ટિએ એ બંનેનો પૂરા ઉપધાન તપમાંજ સમાવેશ થાય છે.

સ. ૭–આ તપ પૂરો થયો ક્યારે ગણાય ?

જવાબ–તે તે સૂત્રની આરાધનાના જે દિવસો બતાવ્યા છે, તેટલા દિવસો આરાધના કરવાથી તે તે તપ પૂર્ણ થાય. ઉપધાન પૂરા ૧૧૦ દિવસે થાય છે.

સ. ૮–આ તપના દરેક દિવસનો વિધિ શું હોય છે? તે વિધિ રોજની એક સરખી જ હોય છે કે જુદી જુદી?

જવાબ–દરેક દિવસની વિધિ સામાન્યતઃ એક સરખી જ હોય છે. નવકારવાળી તેમજ કાઉસ્સગ્ગ વ. માં ફરક હોય છે.

સ. ૯ રોજની નવકારવાળી કેટલી ગણવાની હોય છે.

જવાબ–માળવાળાને રોજની બાંધી નવકારવાળી (પૂરા નવકાર મંત્રની) વીસ ગણવાની હોય છે. પાંત્રીસુ અને અઠ્ઠાવીસુ કરવાવાળાને રોજની ત્રણ નવકારવાળી લોગસ્સની ગણવાની હોય છે.

---

૧. સવારે ચાર વાગે ઉઠવું ઉઠતાં ત્રણ નવકાર ગણવા.

૨–લઘુ શંકાદિકથી પરવારી સ્થાપનાજી સમક્ષ ઇરિયાવહી કરી 'ગમણા ગમણે'–બોલ્યા બાદ કુસુમિણ દુસુમિણનો કાઉસ્સગ્ગ કરી, ઉપધાન અંગેનો **૧૦૦ લોગસ્સનો** કાઉસ્સગ્ગ **સ્થિરતાથી** કરવો.

૩–ત્યારબાદ રાઇસિ પ્રતિક્રમણ કરે ('અઠ્ઠાઇજ્જેસુ' બોલવા અગાઉ પૌષધ લઇ લેવો' પછી પડિલેહણ અને દેવવંદન કરવું.

સ. ૧૦–પ્રતિક્રમણ સિવાયનો કાઉસ્સગ્ગ રોજનો કેટલો હોય છે?

જવાબ–દરરોજ સો લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવાનો હોય છે.

સ. ૧૧–આ તપમાં કેટલા ઉપવાસ આયંબીલ અને નીવી કરવાના હોય છે? તેનો ક્રમાંક શું હોય છે?

જવાબ–૧–૨ ઉપધાનમાં કુલ ૨૫ ઉપવાસ, ૪ ઉપધાનમાં ૨॥ ઉપવાસ, ૬ ઉપધાનમાં ૪॥ ઉપવાસ, આમ માળ પહેરનારને ૪૭ દિવસમાં ૩૨ ઉપવાસ કરવાના હોય છે. પાંત્રીસુ કરનારને ૧૯॥ ઉપવાસ અને અઠ્ઠાવીસુ કરનારને ૧૫॥ ઉપવાસ કરવાના હોય છે. અહીં જે અર્ધા ઉપવાસ બતાવ્યા છે તે આ પ્રમાણે સમજવું ૨ આયંબીલ=૧ ઉપવાસ; ૪ નીવી=૧ ઉપવાસ; અને ૪ એકાસણા=૧ ઉપવાસ. તેના ક્રમાંકમાં મોટા ભાગે ઉપવાસ નીવી–ઉપવાસ–નીવી તેમ હોય છે. ૧૨॥ ઉપવાસ પૂરા ન થાય તો વચ્ચે આયંબીલ વિ. પણ કરાવાય છે.

સ. ૧૨ કોઈ એક સરખી તપસ્યાને બદલે આવી જુદી જુદી તપસ્યાનો ઉદ્દેશ્ય શું છે?

જવાબ–જુદા જુદા તપનું કારણ જુદા જુદા સૂત્રોની આરાધના છે.

સ. ૧૩–આ તપ ઓછામાં ઓછી કેટલી વ્યકિતથી શરૂ કરાવી શકાય?

૪–વસ્તિ શુદ્ધિ જોઈ સવારે સાત વાગે ગુરુમહારાજ પાસે પવેયણાની ક્રિયા કરવી અને **૧૦૦ ખમાસમણાં** આપવાં.

૫–દેરાસરે દર્શન કરવા જવું અને દેરાસરમાં આઠ થોઇથી દેવવાંદવા.

૬–૭ ઘડીની પોરસી ભણાવવી.

૭–બાર વાગે કાળના દેવ વાંદવા.

૮–પુરિમઢ્ઢનો સમય થાય એટલે પચ્ચક્ખાણ વિધિ પૂર્વક પારવું.

જવાબ–સંખ્યા સાથે આ તપને કશો સંબંધ નથી. એકથી માંડીને ગમે તેટલી સંખ્યાથી આ તપ કરાવી શકાય છે. પરંતુ આમાં એક મર્યાદા છે કે એકલી બેનો હોય તો આ તપ કરાવવામાં આવતો નથી. બેનો સાથે ભાઇઓ પણ હોવા જરૂરી છે.

સ. ૧૪–આ તપમાં ઓછામાં ઓછો ખર્ચ કેટલો આવે છે?

જવાબ–ખર્ચનો આંકડો માંડવો એ મુશ્કેલ છે. સંખ્યા પર તેનો આધાર રહે છે. વધુ સંખ્યા હોય તો વધુ ખર્ચ આવે, ઓછી સંખ્યા હોય તો તે પ્રમાણે ઓછો ખર્ચ આવે છે.

સ. ૧૫–આ તપ માટે કયા કયા ઉપકરણો જોઈએ?

જવાબ–પુરૂષો માટે ૧કટાસણું,

૯—જે દીવસે આંબેલ કે નીવિ હોય તે દિવસે આંબેલ નીવિ કર્યા પછી ચૈત્યવંદન કરવું.

૧૦—સાંજે ચાર વાગે પડિલેહણ કરવું.

૧૧—સાંજના દેવવંદન કરવું.

૧ ચરવળો, ૨ મુહપત્તી, ૨ ધોતિયા, ૨ ઉત્તરાસણ, ૧ પંચિયું, ૧ ઉત્તરપટ્ટો, ૧ સંથારીયું, ૧ ગરમ કામળી, ૧ કંદોરો, ૧ જાડુ કપડું અને ૧ નવકારવાળી—આટલા ઉપકરણો જોઇએ.

બેનો માટે–૨ કટાસણા, ૪ મુહપત્તી, ૨ ચરવળા (ચોરસ દાંડીના), ૨ સાડલા, ૨ ચણિયા, ૨ કંચુવા (ટુંકમાં પહેરવાના કપડાની બબ્બે જોડ), ૧ સંથારિયું, અને એક નવકારવાળી–આટલા ઉપકરણો જોઇએ.

સ. ૧૬—આ તપ અમુક જ મહિનામાં થઇ શકે છે કે ગમે તે મહિનામાં થઈ શકે છે?

જવાબ—આ તપ આસો સુદ દસમ પછી શરૂ કરાવાય છે અને તે અષાઢી

અહિંસા એ માનવમાત્રનો મહામંત્ર છે. તેનો વ્યવસ્થિત પ્રચાર વિના સમાજનો અભ્યુદય થઈ શકે નહીં. તેમાંએ જેઓ વિષમ સંયોગોના પરિણામે ધર્મભૂલ્યા છે, તેમને તો અહિંસાનો મહામંત્ર અવશ્ય સંભળાવવો જોઇએ.
આ કાર્ય માત્ર શબ્દોના સ્વસ્તિક પૂરવાથી થતું નથી. તે માટે એકનિષ્ઠ બની, અખંડ–અવિરત પ્રયત્ન કરવાની જરૂર છે.

# ગુજરાતનું ગૌરવશાળી જૈન મિશન.

## પરમાર ક્ષત્રિય જૈનધર્મ પ્રચારક સભા.

જે બોડેલી અને તેની આસપાસના પ્રદેશમાં અહિંસા ધર્મનો વ્યવસ્થિત પ્રચાર કરી રહ્યું છે. અને તેનું પરિણામ ઉત્તરોત્તર સુંદર આવતું રહ્યું છે. છેલ્લાં પંદર વર્ષથી કાર્ય કરી રહેલ આ સંસ્થાનો પરિચય મેળવો અને સહકાર આપો.

જો આપણે એમ ઇચ્છતા હોઇએ કે અહિંસા ધર્મનો પ્રચાર વધે અને બીજા હજારો ભાઇઓ તેના ઝંડા નીચે આવી પોતાનું કલ્યાણ સાધે. તો આ સંસ્થાને છુટા હાથે પૈસાની મદદ કરવી ઘટે છે.

બોડેલી અને તેની આસપાસના દેરાસરોની **પંચતીર્થી**ના દર્શન કરવા પધારો. આ કાર્ય ક્ષેત્રનું નિરિક્ષણ કરો.

| મદદ મોકલવાનું ઠેકાણું : | કાર્યાલય : | માનદ્ મંત્રીઓ : |
|---|---|---|
| **શેઠ બાડીલાલ રાઘવજી** | ૪૫૭ સરદાર વી. પી. રોડ, | જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ |
| ૬૧, તાંબા કાંટા, | ૨ જે માળે, | ઇશ્વરલાલ કસ્તુરચંદ |
| **મુંબઇ ૩.** | **મુંબઇ ૪.** | સાળવી |

ચાતુર્માસ પહેલાં પહેલાં કરાવાય છે. મોટા ભાગે ઠંડીની ઋતુમાં વધુ અનુકૂળ રહે છે.

સ. ૧૭—ઉપધાનમાં જે છોડ બાંધવામાં આવે છે તેનો ઉદ્દેશ્ય શું છે?

જવાબ—શાસનની પ્રભાવના માટે આ છોડ બાંધવામાં આવે છે.

સ. ૧૮—આ છોડની સંખ્યા વધુમાં વધુ કેટલાની હોવી જોઇએ?

જવાબ—સંખ્યાનો આગ્રહ આ તપમાં રાખવામાં નથી આવતો. કોઇ ભાવિક આ તપની પૂર્ણાહુતિમાં તેની શકિત અને ભાવના અનુસારે છોડ બંધાવે છે. જેવો તપ તે પ્રમાણે છોડ બંધાવાય છે.

સ. ૧૯—આ છોડમાં જે ચિત્રો હોય છે તે ખાસ કરી કયા કયા પ્રસંગોના હોય છે?

જવાબ-કોઇ વિશિષ્ટ પ્રસંગ તેમાં નથી હોતો. મહાપુરૂષોના જીવન ચરિત્રમાંથી માનવને પ્રેરણા ને બોધ મળે તેવા જુદા જુદા પ્રસંગો ભરેલા હોય છે. એકજ પ્રસંગ માટે આગ્રહ રાખવામાં આવતો નથી.

સ. ૨૦—આ તપ કરનારને જે માળ પહેરાવવામાં આવે છે તેનો ઉદ્દેશ શું છે?

જવાબ—સંસારવર્ધક એવી વરમાળાઓ તો આત્માએ ઘણા જન્મોમાં પહેરીને સંસાર વધાર્યો છે. પરંતુ આ માળ પહેરે છે, તે મુક્તિની વરમાળ છે.

૧૨—ગુરુમહારાજ પાસે સાંજે પાા વાગે ક્રિયા કરવા માટે આવવું.

૧૩—સાંજનું દૈવસિક પ્રતિક્રમણ કરવું.

૧૪—રાત્રે સુતા પહેલાં સંથારા પોરસી ભણાવવી.

સ. ૨૧—આ માળ કયા કયા દ્રવ્યોની હોય છે?

જવાબ—રેશમ, કસબ, સુતર વગેરે દ્રવ્યોની બનાવેલી હોય છે.

સ. ૨૨—આ માળની ઓછામાં ઓછી કિંમત શું હોય છે?

જવાબ—જેવી માળ તેવી કિંમત હોય છે.

સ. ૨૩—એનોને ઉપધાન કોણ કરાવે છે?

જવાબ—મહાનિશિથ સૂત્રના યોગ જે શ્રમણ ભગવંતોએ કર્યા હોય તે જ સાધુ ભગવંત ઉપધાન કરાવી શકે છે.

સ. ૨૪—આ તપ દરમિયાન કોઇ ચોક્કસ શાસ્ત્રગ્રંથ વાંચવામાં આવે છે કે કોઇ પણ શાસ્ત્રગ્રંથ?

જવાબ—કોઈ ચોક્કસ શાસ્ત્રગ્રંથ

આ તપમાં વાંચવામાં આવતો નથી. પરંતુ વિશેષે કરીને આ સૂત્રને સમજ આપતાં, તપનું મહાત્મ્ય સમજાવતાં વગેરે પ્રાસંગિક વ્યાખ્યાનો આપવામાં આવે છે.

સ. ૨૫—જ્ઞાનખાતાની ઉપજમાંથી આ તપ કરાવી શકાય કે નહિ ?

જવાબ—ન જ કરાવી શકાય.

સ. ૨૬—આ તપ દરમિયાન થયેલ આશાતનાનું સામાન્ય પ્રાયશ્ચિત શું હોય છે ?

જવાબ—જેવી આલોચના તેવું પ્રાયશ્ચિત.

સ. ૨૭—આ તપ દરમિયાન થયેલ ગુરુપૂજન તેમજ જ્ઞાનપૂજનની આવક કયા કયા ક્ષેત્રોમાં વપરાય છે ?

જવાબ—જે ખાતાની આવક હોય તે ખાતામાં જ તે રકમ વપરાવી જોઈએ

વાઘ છાપ વાસણ વાપરો

## વાઘ છાપ વાસણ વાપરો.

મોટાની મોટી વાતો, નાનાની નાની વાતો,
રાજાની રાણી આસું રાજ માંગે છે.
નાનું મારું ઘર, છે તો દસ બાય બારનું,
રસોડાની રાણી મારી વાઘ માંગે છે.

હા, મારી ઘરવાળી વાઘ માંગે છે. પણ તે જંગલનો નહિ હો. આ તો પેલા પનાલાલ નથી? તેમને ત્યાં વાઘ છે. તેમના કબાટમાં, તેમના ખાનામાં, ગલ્લામાં, બધે જ વાઘ વાઘ વાઘ છે. એ વાઘ કરડતો નથી. એ વાઘ ઘૂરકતો નથી. એ વાઘ તો તમને સુંદર ખાવાનું આપે છે. તમારા ભોજનને એ મધુર બનાવે છે.

તમે આજે જ એ 'વાઘ' ની મુલાકાત લ્યો

GUARANTEED STAINLESS STEEL TIGER BRAND R.B. SHAH BOMBAY-2

## પનાલાલ બી. શાહ

૨૧, કંસારા ચાલ, મુંબઈ,-૨.

વાઘ છાપ વાસણ વાપરો

વાઘ છાપ વાસણ વાપરો
વાઘ છાપ વાસણ વાપરો

બીજા ક્ષેત્રોમાં તેનો ઉપયોગ થઈ શકે નહિ.

સ. ૨૮—આ તપ કરવા માટે વય મર્યાદા કેટલી હોય છે?

જવાબ—ઓછામાં ઓછી આઠ વરસની મર્યાદા હોય છે. આઠ વરસનો બાળક કે બાલિકા આ તપ કરી શકે છે. ને સો વરસનો તંદુરસ્ત માણસ પણ આ તપ કરી શકે છે.

સ. ૨૯—આ તપ પૂરું થયા પછી ઉપધાન કરનારને કોઈ ચોક્કસ ક્રિયા કરવાની હોય છે? તો તે શું?

જવાબ—માળ પહેર્યા પછી ઉત્કૃષ્ટ પણે વિચારતાં માળ પહેરનારે છ માસનું બ્રહ્મચર્ય પાળવું જોઇએ, ભૂમિશયન કરવું જોઇએ, દર્શનપૂજા, ગુરુવંદન તેમજ બે ટંકનું પ્રતિક્રમણ તેમજ પર્વતિથિએ પૌષધ તેમજ યથાશકિત તપ કરવું જોઇએ.

સ. ૩૦—આ તપની સંપૂર્ણ વિધિ સમજાવતાં કયા પુસ્તકો છે?

જવાબ—જૈન વ્રત વિધિ સંગ્રહ, યોગવિધિ વગેરે પુસ્તકોમાં આ વિધિના ઉલ્લેખો છે. તેમજ મહાનિશિથ સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, આચાર દિનકર, હીર પ્રશ્ન વગેરે ગ્રંથોમાં ઉપધાન વિષે ઉલ્લેખ કરેલો છે.

સ. ૩૧—આ તપ નિમિત્તે જે નાણુ મંડાય છે તેનો ઉદ્દેશ્ય શું છે?

જવાબ—કોઈપણ શુભ કાર્ય દેવ-ગુરુની સાક્ષીએ કરવું જરૂરી છે. આ તપ પણ તેવું જ શુભ કાર્ય છે. તેથી તે માંડવામાં આવે છે?

સ. ૩૨—તેમાં શું શું મુકવામાં આવે છે?

જવાબ—શ્રીફળ, રૂપા નાણું, અક્ષત, જ્ઞાનની પોથીઓ, સાપડાં વગેરે મુકવામાં આવે છે.

સ. ૩૩—શાસ્ત્રોમાં આ તપનું ફળ શું બતાવ્યું છે?

જવાબ.—આ તપની આરાધનાથી પરંપરાએ મોક્ષ મળે છે. અને અનંતર કર્મ–નિર્જરા થાય છે તેમજ શ્રુત-જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

---

## ટાઈટલ ચિત્ર ચોથાના પરિચય માટે વાંચો પાન નં. ૫૩ થી ૫૬

આ માસની સમાજ કથા

લે : દિનકર જોષી

# સમી સાંજ

[ એની ભૂલ ભયંકર હતી. એ ભૂલ સુધારવા એ વરસો સુધી ભટક્યો. હૃદયમાં પસ્તાવાનો ધીખતો અંગારો ભરીને એ શહેરે શહેર ઘૂમ્યો. પણ ભૂલનો ભોગ બનેલી એની સાળી તો મરી ગઈ હતી. જીવતી હતી એની બેન. એની સગી પત્ની. એક 'સમી સાંજ' ના એ મળવા આવ્યો. મિલન થયું. પણ એના જ સગા દીકરાએ જ્યારે કીધું—" પડો ઝટ રસ્તે " ત્યારે એ પિતૃવત્સલ પિતાએ શું નહિ અનુભવ્યું હોય ? પસ્તાવાની આગમાં શેકાતાં એક પિતાની કારુણ્યસભર વાર્તા એટલે "સમી સાંજ" —સંપાદક ]

દિવસભરના રઝળપાટને અંતે પાછા ફરી રહેલા સૂર્યનારાયણને પશ્ચિમાકાશના ક્ષિતિજમાં અદૃશ્ય રહીને આવકારી રહેલી કોઈ સ્વર્ગ સુંદરીએ પોતાના નાજુક હાથે ધીરે ધીરે ગુલાલ ઊડાડીને વાતાવરણ રંગીન કરી નાખવાની શરુઆત કરી દીધી હતી. જવા માટે ઉતાવળો થઇ રહેલો રવિ લાલ લાલ થઇને ચક્કર ચક્કર ઘૂમતો હતો. આથમી રહેલી એ પ્રકૃતિલીલા જોડે એકરૂપ થવા મથતી હોય એમ જગત પરની દિનભરની પ્રવૃત્તિઓ પણ ધીમે ધીમે શમતી જતી હતી.

આથમણી દિશાએ આવેલી ઉઘાડા દરવાજાવાળી એક બેઠા ઘાટની ડેલીમાં વિજયા ફળિયાને એક છેડે તુલસીક્યારે દીપ પ્રગટાવી રહી હતી. પીસતાળી-સેકની વયની વિજયા લાગવી જોઇએ એ કરતાં વિશેષ વૃદ્ધ અને ગમગીન જણાતી હતી. ઊંડી ઊતરી ગયેલી એની આંખોમાં અને સુકાઈ ગયેલા એના ચહેરા પર વિષાદ અને શૂન્યતા તરવરી રહ્યાં હતાં. આખું ય ઘર શાંત હતું.

પવનનો એક આછો ઝપાટો આવ્યો અને પ્રગટે ન પ્રગટે ત્યાં તો દીવો બૂઝાઈ ગયો ! વીસ વીસ વરસથી ટકી રહેલી વિજયાની શ્રદ્ધા પણ જાણે કે

સ્હેજ ઝંખવાણી. તેણે ફરી દીવો પેટાવ્યો, તુલસીક્યારે વીસ વીસ વરસથી તે આ જ સમયે, આ જ રીતે, અવિરત દીવો પ્રગટાવતી હતી ! શૂન્યવત્ એ સ્ત્રીના જીવનનો આ એક જ કાર્યક્રમ અતૂટ અને ચેતનમય હતો.

ડેલીને દરવાજેથી અચાનક અવાજ આવ્યો: "અહા...લે...ક !..."

બારણા તરફ પીઠ ફેરવીને ઊભેલી વિજયા ચોંકી. તુલસીક્યારે હાથ જોડી, મસ્તક નમાવ્યા પછી આંખ મીંચીને ઊંડી ઉતરી ગયેલી તેની સૃષ્ટિ જાગી ગઇ ! મેં ફેરવીને તેણે પાછળ જોયું.

"ભિક્ષાં દેહિ !" કરતોકને ડેલીમાં, ઘરમાં અને આસપાસ ઝડપથી નજર ફેરવી લેતો એક પ્રૌઢ પુરુષ એકદમ અંદર દાખલ થયો. ભગવાં વસ્ત્રોમાં વીંટાયેલો તેનો દેહ કલાન્ત જણાતો હતો. ધૂળભર્યો તેનો ચહેરો અને જીંથરા સરખા તેના વાળ તેના સતત પ્રવાસની સાક્ષી પૂરતાં હતાં. ખભે લટકતો થેલો તેની પરિવ્રાજકતાનું સ્પષ્ટ સૂચન કરતો હતો.

આમ એકાએક એને અંદર ચાલ્યો આવતો જોઇને સ્ત્રીસુલભ સ્વભાવે વિજયા સ્હેજ ચમકી. પણ બીજી જ પળે ધાર્મિક મનોવૃત્તિવાળો તેનો સ્વભાવ જાગૃત થઈ ગયો. તેણે પૂછ્યું: "શી ભિક્ષા લેશો, મહારાજ ?"

"ભિક્ષા ?" વિચિત્રતાથી સાધુએ પૂછ્યું. તેની આંખમાં કોઇક અજબ પ્રકારની અને ન સમજી શકાય એવી વિચિત્રતા હતી. બોલતાં બોલતાં તે એક ડગલું આગળ વધ્યો અને પૂછ્યું: "ઘર...ઘરમાં કોઇ જ નથી ?"

ફરીથી વિજયા ચમકી ગઈ. આ વેળાની ચમક કંઇક વધુ લાંબી ચાલી. સાધુના આવા પ્રશ્નનો અર્થ શો ?

પણ તરત જ તેણે સ્વસ્થતા મેળવી લીધી. વર્ષોથી જીવનમાં એકલી જ અવિરત ઝૂઝી રહેલી એ નારીએ શ્રદ્ધા અને હિંમતનાં પેય પીધાં હતાં.

"છે, મહારાજ ! દીકરો ને દીકરી—એમ બે સંતાન છે. હમણાં જ આવશે. કહો, આપ શી ભિક્ષા લેશો ?"

સાધુ ચુપચાપ વળી એક પગલું આગળ વધ્યો. વિજયાની સાવ લગોલગ આવી પહોંચતાં વિજયા ખરેખર જ ગભરાઈ ગઈ ! પણ બીજી જ પળે સાધુએ ત્યાં જ પગથિયા પર બેસીને—લગભગ ફસડાઇ પડીને—લમણે હાથ મૂક્યો અને પછી તે વિજયા સામે તાકી રહ્યો. તેની દૃષ્ટિમાં ન ઝીલી શકાય અને ન કળી શકાય એવાં દર્દ અને વેદના તરવરતાં હતાં. તેનાથી બોલાઈ જવાયું: "ઘરનું માણસે ય ન ઓળખે એ તો ઓલ્યા ભવનાં—ના, ના, આજ ભવનાં—પાપ ને ?"

"હેં ? શું કહ્યું તમે ?" માથે વીજળી ત્રાટકી હોય તેમ ચમકીને વિજયા બોલી ઊઠી. અજબ થડકારથી

તેણે સાધુની નજર સાથે નજર મેળવી. એ નજરે ક્ષણમાત્રમાં વર્ષોનો પડદો તોડી નાખ્યો. સાધુનો એ જુગજૂનો સ્વરરણકો વિજયાએ પારખી લીધો. તેણે સાશ્ચર્ય પૂછ્યું: "તમે...તમે?..."

"હા, વિજયા! હું શિવલાલ. મને ન ઓળખ્યો?"

"પણ આજે આમ અચાનક?"

"વિજયા! માયા એવી જ હોય છે. વીસ વીસ વરસના ભટકતા જીવન પછી પણ મને એ માયા આજે અહીં ખેંચી લાવી. પણ હવે વિચારું છું કે જો ઘરના માણસે જ ન ઓળખ્યો તો પછી પંડનાં દીકરા–દીકરી તો મોઢું જ ફેરવી લેશે ને?"

"ના, ના, એવું ન બોલો."

વિજયાનો ભય તો ક્યારનોય શમી ગયો હતો. હવે તે શિવલાલની લગોલગ આવીને ઊભી રહી અને બોલી: "કેટલાં વરસ વીતી ગયાં તમારી વાટ જોવામાં? એકેય દી' ધરાઇને ધાન નથી ખાધું. હવે ઇશ્વરે જ તમને પાછા મને સોંપ્યા છે, માટે એવું ન બોલશો. તમને હવે ક્યાંય નહિ જવા દઉં!"

અને વિજયાએ એકદમ શિવલાલનો હાથ ઝાલી લીધો. શિવલાલની આંખ પણ ઘડીભર ભીની બની ગઈ.

"કયે મોઢે હું અહીં રહી શકું? કયા સંબંધને દાવે તું મને આ ઘરમાં રાખીશ? તારા પવિત્ર જીવનમાં મારા જેવા અધમ..."

"ભગવાનને ખાતર એ ગઈ ગૂજરી આજે ઉખેળશો માં." શિવલાલના મોં પર હાથ મૂકીને વિજયાએ તેને બોલતો અટકાવ્યો: "અને સંબંધની વાત કરો છો? પચીસ વર્ષ પહેલાં સેંકડો માણસની હાજરીમાં તમે મારો હાથ ઝાલ્યો હતો. અગ્નિની સામે આપણે સપ્તપદીના ઉચ્ચારો સામસામા કર્યા હતા.

"પણ મેં સપ્તપદીનું પાલન ન કર્યું! દેવને ય દુર્લભ એવાં પાંચ વર્ષના દીકરાને અને ઊઘડતી કળી જેવી એ વર્ષની દીકરીને તારે ગળે વળગાડીને..."

અને શિવલાલ આગળ બોલી શક્યો નહિ. તેની આંખમાં ઝળઝળીયાં ઊભરાયાં, વિજયા પણ મૂંગી મૂંગી આંસુ લૂછી રહી. પછી થોડી વારે કહ્યું: "જવા દો એ વાત. ભૂલ તો બ્રહ્માએ ય કરી' તી."

"એટલે જ તેત્રીસ કરોડ દેવતાઓમાં એ અપૂજ રહ્યા છે."

"પણ તમારો દીકરો ને દીકરી બે ય તમારા આશીર્વાદ પામવા ઝંખી રહ્યાં છે. બાપનો મમતાળુ હાથ પોતાને માથે ફરે એ માટે..."

"પણ હું બાપ કહેવરાવવાને લાયકજ નથી! પ્રભુની ખાતર કહેતી નહિ કે આ અધમ સાધુ એમનો બાપ છે. એમને ઉછેર્યાં તેં–હું તો ભાગી ગયો. હવે એમનો બાપ બનીને કયે મોઢે એમને માથે હાથ ફેરવી શકું? એ

બે ય જ્યારે પોતાના બાપની અધમતા જાણશે ત્યારે......"

"તમારે પગે પડું !" વિજયા મોકળે મોંએ રડી પડી: "એ વાત હવે સંભારશો જ નહિ. છોકરાંઓએ એ જાણી નથી ને જાણશે પણ નહિ."

"પણ એથી થોડી જ એ વાત ભૂલાઈ જવાની છે ? એમ હોત તો તો આજ હું અને તું બે ય એ ભૂલી શકયાં હોત. પણ વિજયા ! તારે ગળે હાથ મૂકીને કહું છું કે એ પૈશાચિક કૃત્ય પછી એકેય દિવસ મને શાંતિ નથી મળી ! તારી નિર્દોષ અને ગભરૂ બેનને મેં પશુ બનીને કચડી નાખી ! તારું પિયર મેં ટાળી દીધું ! હું તારા પવિત્ર પ્રેમને અને આપણા નિર્દોષ બાળકોને ભૂલી ગયો ! તે દિવસે હું શેતાનને વશ થઈ ગયો ! મેં તમ સૌનો ભયંકર દ્રોહ કર્યો ! વિજયા ! શું કહું ? આજ પણ તારી એ નિર્દોષ બહેનનો મારા પંજામાંથી છૂટવાનો તરફડાટ મને યાદ આવે છે અને હું થથરી ઊઠું છું !"

વિજયા રડી રહી હતી !

"અને વાત ત્યાં જ દટાઈ ગઈ હોત તો તો હું આજ પણ કદાચ એવો જ શેતાન હોત. સજ્જનતાના અંચળા હેઠળ અનીતિ આચરતો હોત !"

વિજયાએ આંસુ લૂછતાં લૂછતાં કહ્યું: "અરે રે ! શીદને બૂઝેલા તણખા જગાવો છો ?"

અને શિવલાલથી પણ હવે રડી પડયા વિના રહેવાયું નહિ. એ ધ્રૂસકે ધ્રૂસકે રોવા લાગ્યો.

શિવલાલનાં એ કાળાં કૃત્ય પછી સગર્ભા બનેલી વિજયાની કુંવારી બ્હેન સદાને માટે કયાંક અદશ્ય થઈ ગઈ હતી ! ફરી એ મળી જ નહિ ! ન કહી શકાય અને ન સહી શકાય એવી સ્થિતિમાં મૂકાઈ ગયેલી વિજયાની વિધવા માએ છેવટે આત્મહત્યાનો માર્ગ લીધો ! વિજયાએ બ્હેનને અને માને બેઉને ખોયાં ! એકને જીવન ભરખી ગયું હતું અને બીજીને મૃત્યુ ભરખી ગયું !

શિવલાલે રૂદન પછી સ્હેજ હળવા બનેલા ડૂમાએ કહ્યું: "મારા એ ઘોર અપરાધના પ્રાયશ્ચિત રૂપે આજ હું વીસ વીસ વર્ષથી ભટકું છું. તારી એ નિર્દોષ બહેનને અને મારાં પાપે જન્મેલા એના બાળકને ખોળવા મેં આકાશપાતાળ એક કર્યાં છે ! પણ મારાં પાપ હજી પૂરાં નથી થયાં. પાપ-કર્મની શાંતિ થતાં ઈન્દ્રનો પણ ઉદ્ધાર થયો હતો. પણ મારે માટે તો—"

"તમારે માટે હવે રઝળપાટના એ દિવસો પૂરા થયા છે, બધુંય ભૂલી જાવ ! અહીં કોઈ કશું જાણતું નથી. પસ્તાવો કરતું તમારું હૈયું હવે સારૂ છે એટલે..."

"ના, વિજયા ! ના, એ કદી નહિ બને, જીવીશ ત્યાં લગી એ ઘોર પાપના પ્રાયશ્ચિતરુપે આમ જ ભટકીશ. જલ-થલમાં ને વાયુમાં જ્યાં જવાશે ત્યાં જઈશ પણ આ ઘરમાં મારી કલંકિત છાયા નહિ પડવા દઉં. પોતાના બાપ નરપિશાચ છે એવું મારા સંતાનોને હું કદી નહિ જાણવા દઉં. મને લાગે છે કે મારૂં જીવન હવે ટૂંકું થતું જાય છે, એટલે મરતા પહેલાં તને એકવાર મળી લેવાની અને કીર્તિ તથા જ્યોતિને એક વાર ધરાઈને નીરખી લેવાની માનુષી લાલસા હું કોઈ રીતે રોકી ન શકયો. એટલે જ આજે…"

"હમણાં એ બેય આવશે. જેને જોવા વર્ષોથી તલસતાં હતાં એ પોતાના બાપને જોઈને એ બેય…"

"ખબરદાર વિજયા ! ભૂલેચૂકેય એમને જણાવતી નહિ કે હું એમનો પિતા છું. મને ઘડીભર અહીં બેસવા દે ને એ બેય આવે એટલે એમને પેટ ભરીને જોઈ લેવા દે. પછી આ ભટકતા સાધુને ભિક્ષા આપીને જવા દેજે—સદાને માટે ! પણ જોજે ! તેમની હાજરીમાં તેં જરાય આંખ ભીની કરી છે તો મારાથી અહીં ઊભાજ નહિ રહી શકાય, રહી તારા હૈયાની મથામણને હૈયામાં જ ભંડારી રાખજે—આંખો સુધી એને આવવા ન દેતી !"

એટલામાં જ બારણે કશો ખખડાટ થયો. શિવલાલ અને વિજયાએ ઝપાટા-બંધ આંખો લૂછી નાખી. ત્વરાથી વિજયાથી દૂર ખસી જઈને શિવલાલ ઊભો રહ્યો. ત્યાં તો કીર્તિ અને જ્યોતિ ડેલીમાં દાખલ થયાં. બેઉ તંદુરસ્ત, દેખાવડાં અને યુવાન હતાં. સ્મિતભર મોંએ બેઉ અંદર આવ્યાં. પણ અજાણ્યા સાધુને જોતાં એમનું સ્મિત વિલાઇ ગયું. ગમે તે અજાણ્યા સાધુને ઘેર બોલાવવાની વિજયાની ટેવ સામે એક આધુનિક યુવક લેખે કીર્તિને પ્રથમથી જ અણગમો હતો. એટલે આ સાધુને જોતાં જ તેના મુખ પર તિરસ્કાર અને અણગમો તરવરી રહ્યાં.

"દીકરા ! આ…આ…" અચ-કાતાં અચકાતાં વિજયાએ સાધુની આંખ જોડે આંખ મેળવી લીધી, કેમકે કીર્તિના મુખ પરનો તિરસ્કાર તેણે વાંચી લીધો હતો.

શિવલાલની દૃષ્ટિમાં દૃઢ નિશ્ચલતા હતી. તે કીર્તિ અને જ્યોતિને એકી ટશે જોઈ રહ્યો. એની આંખમાં જાણે કોઈ અકથ્ય, કોઈ દૈવી અને કોઈ વિરલ વાત્સલ્ય પ્રકાશી રહ્યું હતું !

"તું કાંઈક કે'તી'તી તે કેમ અટકી ગઈ, બા ?" જ્યોતિએ પૂછ્યું.

"ભિક્ષાં દેહિ !" શિવલાલે તરત જ ઉચ્ચાર્યું.

"આજ તમને મોડું કેમ થયું ?" વિજયા જાણે કશુંક ટાળવા મથતી હોય એમ બોલી.

"જ્યોતિની બેનપણી પ્રમોદા અમને એને ઘેર પરાણે ખેંચી ગઈ એટલે સ્હેજ મોડું થયું." કીર્તિએ કહ્યું: "પણ બા! આવા આવા સાધુડાને—"

"કીર્તિ!......" વિજયાથી સ્હેજ બૂમ પડાઈ ગઈ.

ભાઈબ્હેન બેઉ ચમકી ગયાં. બીજી જ પળે કીર્તિ પગથિયાં ચઢીને શિવલાલ પાસેથી પસાર થયો.

"બેટા!" વર્ષોથી સંઘરી રાખેલું વાત્સલ્ય જાણે એકી સાથે ઢળી પડતું હોય એવા સ્વરે શિવલાલ બોલ્યો. વિજયાને થયું, શું પિતૃહ્રદય છાની રાખવા ધારેલી વાત કહી દેશે? શું પોતાનો પતિ વાત્સલ્યને વશ થઈ રોકાશે? આવી વીજળીવેગી કલ્પના તેના હૈયાને કોઈક અકથ્ય ભાવે ધ્રુજાવી રહી.

કીર્તિએ શીવલાલ સામે જોયું. એ નજરમાં અણગમો સ્પષ્ટ દેખાતો હતો. ન છૂટકે એ ઊભો રહ્યો.

"સાધુઓં સે ઇતની નફરત કયોં બેટા?" શિવલાલે પૂછ્યું.

"ત્યારે બીજું શું હોય? કામધંધો કરવો નહિ ને મફતના મલીદા ખાવા! મારું ચાલે તો એવા સાધુઓને..."

"કીર્તિ! દીકરા! એમ......" વિજયા વચ્ચે જ સ્હેજ ધ્રૂજતે સ્વરે બોલી.

"તને તો મા! બધા સાધુ–બાવા મા'તમાજ લાગે છે. એટલે મને શાપ લાગી જશે એવી તને બીક રહ્યા કરે છે. પણ દુનિયાને ભારરૂપ આવા સાધુ-ઓમાં શાપ દેવાની તાકાત કયાંથી હોય?"

"ઐસા...ઐસા મત કહો, બેટા!" ધ્રૂજતે સ્વરે શિવલાલે કહ્યું અને પછી જ્યોતિ તરફ ફેરવીને કહ્યું અને પછી જ્યોતિ તરફ નજર ફેરવીને કહ્યું: "બેટી! ભિક્ષા દે દે! અબ મંય ચલૂં."

"હા, હા, ચલો એ જ સારું છે. પડો ઝટ રસ્તે! જ્યોતિ! જા, એને કશુંક લાવી દે. એટલે એય ચાલે ને આપણેય ચાલીએ."

અંદરના ખંડમાં જઇને જ્યોતિ એક વાટકામાં ચોખા લઇને આવી. વિજયાની આંખમાં પરાણે રોકી રાખેલો અશ્રુનો સાગર જાણે તૂટુંતૂટું થઈ રહ્યો હતો. મહાવેદના અને અસહ્ય કષ્ટથી એ જ્યોતિને ભિક્ષા આપતી નીરખી રહી. શિવલાલના ચહેરા પર જાણે વાત્સલ્યની કવિતા લખાઈ ગઈ હતી! તેણે લંબાવેલા વસ્ત્રમાં ચોખા નાખવા જ્યોતિ નીચી નમી અને... અને પરવશ બનીને જાણે કોઇક અદશ્ય શક્તિએ ખેંચાતો હોય એ રીતે શિવલાલનો હાથ પુત્રીની પીઠ પર અને પછી એના મસ્તકના સુંવાળા વાળ પર ફરી રહ્યો!

ગભરાઈને જ્યોતિ પાછી હટી ગઈ.

વાડકો હાથમાંથી પડી ગયો! તેની આંખમાં કુતૂહલ મિશ્રિત ગભરાટ તરવરતો હતો. કીર્તિની આંખ લાલ થઈ ગઈ! તેણે કહ્યું: "આશીર્વાદ આપતા હશે–ખરું? બદમાશ ક્યાંનો! ચાલ નીકળ અહીંથી! શરમ નથી આવતી, હરામખોર?"

"કીર્તિ! દીકરા! પ્રભુને ખાતર! તને...તને કેમ સમજાવું દીકરા! કે..."

"રે'વા દે એ તારી આંધળી શ્રદ્ધા! જોતી નથી આ લફંગા સાધુની આશીર્વાદ આપવાની રીત?"

વિજયાએ શિવલાલ સામે જોયું. ડેલી તરફ જવા માટે પગ ઉપાડતા શિવલાલની આંખમાં આંસુનું એક મોટું ટીપું એ જોઈ શકી.

"દીકરા! દીકરા કીર્તિ! એ સાધુ......"

પણ એટલી વારમાં તો શિવલાલ ડેલીની બહાર નીકળી ગયો હતો!

"સાધુ નહોતા!" વિજયાએ વાક્ય પુરું કર્યું.

"એ તો તને એવું જ લાગશે, મા! તને તો જાણે એ વશિષ્ઠ મુનિ લાગ્યા હશે!" કીર્તિએ કહ્યું.

ડેલીમાંથી બહાર નીકળીને રસ્તા પર લથડતે પગલે આગળ વધી રહેલા શિવલાલની છાયા સંધ્યાની પાછળ પાછળ આવી રહેલા અંધકારમાં ઓગળતી ગઈ! તુલસી ક્યારે દીવો ઓલવાઈ ગયો હતો!

卐

'બુદ્ધિપ્રભા' ને લગતો તમામ પત્ર વ્યવહાર
આ સરનામે કરો—
'બુદ્ધિપ્રભા'
C/o ધનેશ એન્ડ કું.,
૧૯ / ૨૧, પીકેટ ક્રાસ લેન, સ્મોલ કોઝ કોર્ટ પાસે, મુંબઇ ૨.
લેખકોને પુરસ્કાર આપવામાં આવે છે.

# ગીત મંજુષા

સ્વ૦ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી.

**[ તા. ૨૬ મી જાન્યુઆરી એ દેશનો પ્રજાસત્તાદિક દિન છે. ભારતનો દરેક નાગરિક આ દિવસે, આપણા રાષ્ટ્રધ્વજનું, રાષ્ટ્ર ગીત ગાઈને સન્માન કરશે. વંદેમાતરમ્ એ બંકીમબાબુએ લખેલું રાષ્ટ્ર ગીત છે. ગુજરાતનાં આ પનોતા પુત્ર, કવિરત્ને પણ ગુલામ ભારતના સમયમાં એક ગુર્જર 'વંદેમાતરમ'નું ગીત ગાયું હતું. દરેક ગુજરાતી ગૌરવ લઈ શકે એવું આ ગીત પ્રાસંગિક હોવાથી અમો અહીં રજુ કરીએ છીએ. ભજન પદ સંગ્રહ ભાગ ૯ પાના નં. ૩૨૦-૩૨૧ પર આ ગીત ગ્રંથસ્થ થયેલું છે. —સંપાદક ]**

પંદરમી ઑગસ્ટ ઓગણીસો સુડતાલીસના રોજ ભારત આઝાદ થયું. ગુલામીની જંજિરો તૂટી ગઈ. ભારતે તે દિવસે સ્વતંત્રતાનો શ્વાસ લીધો.

આઝાદીનો આનંદ કોને ન હોય? દરેકને આઝાદી ગમે છે. ગુલામી કોઇને વ્હાલી નથી. પરંતુ આ આઝાદીની પાછળ આંસુઓનો ઇતિહાસ પણ કંઈ ઓછો નથી.

લાઠીમાર, જેલ, ગોળીબાર, દેશનિકાલ વગેરે અનેક જુલ્મોની ક્રૂર કહાની આ આઝાદીના આંચલ પાછળ છુપાયેલી છે.

ત્યારે બ્રિટીશ સલ્તનતની વિરૂદ્ધ કંઈ પણ પ્રવૃત્તિ કરવી તે મોતને નિમંત્રવા જેવું હતું. અરે! માત્ર વંદેમાતરમ્ બોલનાર માસુમ બાળકને પણ ત્યારે ગોળીએ દેવાતો હતો.

ટીલક હતા ત્યારે આ આઝાદીનો જવાબ ગોળીબાર હતો. ગાંધીજી આવ્યા અને અસહકાર લાવ્યા. આઝાદીની લડતનો આખો રંગ તેમણે બદલી નાંખ્યો.

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વજી.મ.સા. આ બંને રાજધૂરીણોના સંપર્કમાં આવ્યાં હતાં. આઝાદીની અનેક વાતો તેઓશ્રીએ આ મહાત્માઓ સાથે કરી હતી.

અને તે સમયનું ભારતનું દરેક સંતાન આઝાદીના રંગે રંગાયેલું હતું. તો પછી તેમાંથી કવિ તો મુક્ત જ કેમ રહી શકે?

કવિ એટલે જ આઝાદ આત્મા. એ કોઇને ને તેમાંય તે પોતાની જન્મભૂમિને તો એ ગુલામ કદી સાંખી ન લે.

તે સમયના અનેક કવિઓએ રાષ્ટ્રભક્તિના ગીતો ગાયાં. અને ભારતની સૂતેલી ચેતનાને જગાડી.

બંગાળમાંથી બંકિમબાબુએ 'વંદેમાતરમ'ની ગૂંજ ગાયી અને બ્રીટીશ

સલ્તનતના હૈયા ધ્રુજી ઊઠયાં. એણે બંદૂક ને મસીનગન સંભાળી. પરંતુ માભોમના વફાદાર પુત્રોએ એ ગોળીઓ સામે પોતાની છાતી ખૂલ્લી કરી દીધી.

બંગાળમાં બંકિમબાબુએ વંદેમાતરમ્ ગાયું તો ગુજરાતના કવિ આ ગુરુદેવે માંભારતીને વંદના કરતાં ગાયું.

જય ભારતી રળિયામણી,
સહુ તીર્થને ઘટ ધારિણી;
જય જય રસીલી યોગીની,
આર્યો તણી ઉધ્ધારણી.
શકિત અનંતિ ધારિણી,
દુઃખ વારિણી વિશ્વે ભલી;
વર્ણું વિવિધે શોભતી,
ભાવેન વંદેમાતરમ્–૧.
તુજ આરતી ભાનુ બન્યો,
તારા શશી છે ચંદ્રવો;
કરતાં નવ ગ્રહ સેવના,
કરતા જ દેવો ઉત્સવો,
ધર્મિજનોને ધારિણી,
બ્રહ્માણી રસથી રેલતી,
શ્રુતિ હંસવાહિની નિર્મળી,
ભાવેન વંદેમાતરમ્–૨.
દુષ્ટો હણે તે કારણે,
તું ચંડિકા કાલી ખરી;
જય મોહ રાક્ષસ નાશિકા,
સંતાન પાલક જય કરી,
સ્વાતંત્ર્ય શકિતદાયિની,
જીવંત જનના વાહિની;
અકાલને દૂર કરે,
ભાવેન વંદેમાતરમ્–૩.

શ્રધ્ધાળુમાં શકિત ભરે,
નાસ્તિક સંશયી જન મરે;
તુજને ભજે જે ભાવથી,
તે ભાવરૂપ અર્પણ કરે,
પ્રસવે જ જ્ઞાની ભકતને,
શૂરા જનોને નિર્મલી;
ચક્રેશ્વરી પદ્માવતી,
પ્રીત્યા ચ વંદેમાતરમ્–૪.
શ્રુતજ્ઞાન શકિત ધારિણી,
ધર્મો અસંખ્ય પ્રચારિણી;
ચારિત્ર્ય દર્શન દાયિના,
રહેતી સહાય સોહાગિની,
ગાયન ભરેલા ગાયકો,
તારાં જ ગાવે રસધરી;
જ્યોતિ પ્રકાશક ભાસ્કરી,
ભાવેન વંદેમાતરમ્–૫.
સંકટથકી ઝટ વારતી,
દુઃખોદધિથી તારતી;
સત્ત્વપ્રદાતા શારદા,
ભકતો સકલ ઉધ્ધારતી.
નવ નવ રસે વહેતી રહે,
પર્યાય નવ નવ ધારતી;
અજવાળતી નિજ કૂખને,
ભાવેન વંદેમાતરમ્–૬.
ચૈતન્ય જડ શકિત ભર્યાં,
તુજ પુત્ર જગ ઉધ્ધારશે;
અધ્યાત્મ શકિતયો વડે,
તુજ મુખ જગ અજવાળશે,
સ્વાતંત્ર્ય પ્રિતિ સત્યને,
સુખ શાંતિ જગ ફેલાવશે;
અધ્યાત્મ અંબા ભારતી,
ભાવેન વંદેમાતરમ્–૭.

જયભિખ્ખુ

આ
માસની
ધર્મ
કથા

# વ્યક્તિ અને સમષ્ટિ

**[એમને ધ્યાન 'વહાલું' હતું. જ્ઞાન પ્યારું હતું. સંઘ એમને મન આરાધ્ય દેવ હતો. સંઘની ઇચ્છા હતી એ મહાત્મા પાસે પડેલું જ્ઞાન મેળવી લેવું. એક બાજુ સંઘ હતો અને બીજી બાજુ મહાત્મા હતા. સંઘ અને મહાત્માની જૂની વાતને, પણ નવી જ બાનીમાં રજૂ કરી જતી આ વાર્તા તમારે વાંચવી જ રહી. —સંપાદક.]**

**ચૂ**મની ટેકરીઓને વીંધતા એ નવજુવાન સાન નદીના કાંઠે કાંઠે આગળ પ્રવાસ ખેડતા હતા. હિમાલયનાં નંદાદેવી, ધવલગિરિ અને કાંચન જંઘાને ઘસાઇને એ નીકળ્યા હતા. ચાંદીના ટુકડા જેવા હિમખંડો અને એમાંથી ઝળહળ થતાં સૂર્ય કિરણો એમને કવિ બનાવી રહ્યાં હતાં, બારે માસ વહેતી સરિતાઓ અને ચારે તરફ પથરાયેલાં હરિયાળાં જંગલો મનને મોરલાની જેમ થનગનાવી દેતાં હતાં. પણ કવિ થવાનો કે થનગનવાનો અત્યારે એમને અવકાશ નહોતો ! ભૂમિ નેપાલની હતી; ને પ્રવાસ દુષ્કર હતો.

કપરી કામગીરી માથે લઈને તેઓ આ પ્રદેશમાં આવ્યા હતા. વાત જાણે એમ હતી કે થોડાએક વખતથી ઉત્તર ભારતમાંથી જ્ઞાનની જ્યોતિ સમા એક આચાર્ય આ તરફ ઊતરી આવ્યા હતા. સ્વાધ્યાય, તપ અને ધ્યાન સાધુનાં નિજનાં કર્મ હતાં, એમાંય એ સાધુવર મહાપ્રાણ નામના ધ્યાન માટે આ ટેકરીઓમાં આવીને ખોવાઈ ગયા હતા. એ સાધુવરની ખોજમાં આ સાધુઓ નીકળ્યા હતા; અને તેમના ગુપ્ત વાસસ્થાન અંગેની માહિતી એકત્ર કરી રહ્યા હતા.

હિમાચ્છાદિત નંદાદેવીનાં શિખરો પરથી નીચે ઉતરતા એ સાધુવરને કેટલાક ખેડૂતોએ જોયા હતા. કોઇ ગોપાંગનાએ સપ્તગંડકીના તીરપ્રદેશની હિમગુફાઓમાં એમને ધ્યાનસ્થ દશામાં નીરખ્યા હતા. ભક્તિપ્રધાન ગ્રામવાસીનીઓ ને ગોપનારીઓ બીજે દહાડે સાધુ માટે દૂધ કે માખણ યા ફળફળાદિ લઇને ગયેલાં, પણ

સાધુનું સાંનિધ્ય કોઇને સાંપડતું નહોતું! સાધુ તો ચાલતા ભલા!

થોડે દિવસે વળી નંદાદેવીના પ્રવાસીઓ પાસેથી ભાળ મળતી કે કાંચનજંઘાના હિમશિલાખંડ પર બેસીને ધ્યાન ધરતા એક યોગીરાજને તેઓએ જોયા હતા. કસ્તૂરીમૃગો એમના દેહને પોતાના દેહ ઘસીને દિલની ખંજવાળ મિટાવતા હતા. પાછળ આકાશમાં ઇન્દ્રધનુએ તોરણ બાંધ્યાં હતાં ને ફૂલવેલોએ રૂપાળી બિછાત કરી હતી. પણ ભર્યા વાદળ જેવું એ વિભૂતિતત્ત્વ હતું. આજ અહીં વરસ્યું, કાલે કયાં વરસશે, એ કોઇ જાણતું નહોતું.

નવજુવાન સાધુઓ એ તરફ કદમ ઉપાડતા. અડવાણે પગે ચાલતાં પગમાં મોટા ચિરાડા પડતા; ને મધપૂડામાંથી મધ ચૂએ એમ પાનીમાંથી રક્તનાં બિંદુ ચૂતાં, પણ સાધુઓને નિજ દેહની કોઈ તમા નહોતી! કર્તવ્યદેહની રક્ષામાં એમની તત્પરતા અજબ હતી. એ સાધુવરની શોધમાં પ્રાણાર્પણની બાજી લગાવીને આવ્યા હતા!

જેમ વેગથી શોધ ચાલતી ગઈ તેમ સફળતા દૂર ને દૂર સરતી ગઈ. બંને સાધુ વજ્રવારાહીના મંદિરના ગર્ભગૃહમાં તપાસ કરી આવ્યા. મા ચામુંડાના યાત્રા-ઉત્સવમાં જઇને શોધ કરી આવ્યા; પશુપતિનાથના મંદિરની આજુબાજુ અસંખ્ય સાધુઓ ધ્યાન અને તપ માટે સમાધિમાં બેસતાઃ એ એકએકની મુદ્રા નિહાળી આવ્યા, પણ સાધુવર ન જડયા તે ન જ જડયા.

યાત્રિકોના અનેક સંગાથ લાધતા. કોઇ હાથી પર ચઢીને જતા મળતા, કોઈ ગધેડા પર તો કોઈ પાલખીમાં. નવજુવાન સાધુઓને પગપાળા ચાલવાનું વ્રત હતું. તેઓની સાથે પગપાળા યાત્રીઓ પણ અનેક થતા.

યાત્રા હંમેશા ઊર્ધ્વગામી રહેતી!

પશુપતિનાથના મંદિરમાં ભરાયેલ શિવરાત્રિના મેળામાં બે અઘોરીઓએ સમાચાર આપ્યા કે ચંદ્રગિરિ પર્વતની શિખરમાળ પર એક અજબ સાધુ આવી વસ્યો છે! ઘોર એનું તપ છે, સાધનામાં એ નિમગ્ન છે! અનેક રાત્રિદિવસ એક જ ધ્યાનમાં વ્યતીત કરે છે.

નવજુવાન સાધુઓએ પોતાના દંડ-કમંડલ ઉઠાવ્યાં, ને હિમાલયનો પાર્વતીય પ્રદેશ ખૂંદતાં ત્યાં પહોંચી ગયા. સાચી સાધનાને આખરે સિદ્ધિ વરે છે, એમ સાધુવર અહીં મળી ગયા! તાજા જ ધ્યાનમાંથી ઊઠયા હતા. અને તેમના તપઃપૂત મસ્તકની આસપાસ અનેરી તેજાવલિઓ રમી રહી હતી!

નવજુવાન સાધુઓએ સાધુવરને વંદન કર્યાં, કુશળ પૂછયા.

સાધુવરને પ્રારંભમાં આ વિક્ષેપ ન રુચતો હોય તેમ ભાસ્યું, પણ આટલે દૂર પણ પોતાનો પીછો કરી પકડનાર ખરેખર કર્તવ્યપરાયણ આત્માઓ જ હોવા જોઇએ, એ વિચારથી તેઓ જરાક નરમ થયા, ને બોલ્યાઃ

'સાધુઓ ! કયા નગરથી આવો છો ?'

આચાર્યદેવ ! પાટલિપુત્રથી.'

'શા કાજે ?'

'અમારું કાજ આપને નિવેદન કરીએ, એ પહેલાં એ કાજનું કારણ કહી દઈએ. આપ જેવા જ્ઞાનીથી જો કે અજાણ્યું નહિ હોય કે, ભારત દેશમાં દુષ્કાળ પર દુષ્કાળ ચાલે છે. બાર દુકાળીએ આખા દેશનો નકશો પલટી નાંખ્યો છે. માનવ–મનનાં મૂલ્યાંકન ફેરવી નાખ્યાં છે. વિદ્યા, કલા, શિલ્પ, સ્થાપત્ય બધું નષ્ટપ્રાય થયું છે. હમણાં સુભિક્ષ થતાં પાટલિપુત્રના સ્વસ્થ થયેલા શ્રીસંઘે જ્ઞાનીઓની સંગીતિ રચી છેઃ એક જ્ઞાનયજ્ઞ આરંભ્યો છે. 'બાલાદપિ સુભાષિતમ્ ગ્રાહ્યમ્' એ નીતિ પ્રમાણે શ્રીસંઘ વર્તી રહ્યો છે ! જેની પાસેથી જે મળે છે, તે સંગ્રહી રહ્યો છે.' નવજુવાનોએ પોતાના કથિતવ્યને અલ્પવિરામ આપ્યો.

'શ્રી સંઘને મારા નમસ્કાર હો ! ગમે તેવો સાધુ કે ગમે તેવો શ્રીમંત પણ શ્રી સંઘ પાસે સામાન્ય છે. શ્રમણ ભગવાન મહાવીરે પોતાના ધર્મશાસનની રક્ષા કાજે સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકા–આ ચતુર્વિધ સંઘની રચના કરી છે. અને એકબીજાને એકબીજાના નિમાયક નીમ્યાં છે. માનસશાસ્ત્રના એ મહાજ્ઞાતાના ખ્યાલમાંજ હતું કે ગમે તેવા તેજસ્વી દીપકની નીચે છાયા રહે જ છે. એ છાયા દુર કરવા નાનો કે મોટો પણ અન્ય દીપક જોઈએ છે શ્રી સંઘ એવી અન્યોન્યને અજવાળતી દીપમાળ છે ! શ્રી સંઘના સ્થાપક પોતે ચોવીસમાં તીર્થંકર હતા; અંતિમ તીર્થંકર હતા. એ જ્ઞાનથી જોતા હતા, કે પછી તીર્થંકર થવાના નથી. એટલે પોતાના પછી તીર્થંકર જેવા શ્રીસંઘને સ્થાપી ગયા. જ્ઞાન એ શાસનનો પ્રાણ છે, જ્ઞાનનો સંગ્રહ એ ઉત્તમ કામ છે. સાધુવરે નિખાલસભાવે કહ્યું.

'શ્રી સંઘની આજ્ઞાથી અમે પણ જ્ઞાનયજ્ઞમાં યથાશક્તિ યત્ન કરવા નિર્ણય કર્યો ને આપ પૂજ્યના પાદને સંસ્પર્શીને શ્રીસંઘનો સંદેશો કહેવા પ્રવાસનું આ જોખમ ખેડ્યું છે.'

'શ્રીસંઘનો સંદેશ મારા શિર–માથા પર.' સાધુવરે વચ્ચે કહ્યું, 'કહો મને એ સંદેશ !'

'એ સંદેશ કહેતા પહેલાં અમારે આપને પરિસ્થિતિથી પૂર્ણતયા વાકેફ કરવાના છે. દુષ્કાળ યમરાત્રિ જેવો હતો. રાત્રે સૂતેલું સવારે જાગે ત્યારે

સાચું. ગૃહસ્થોની તો વાતજ શી કરવી! સોનાના ભાવે ડાંગરનાં દાણા વેચાયા. માલધારીઓની આપત્તિઓ કેવી! પેટનાં બાળ જેવાં પશુ કસાઇની હાટે વેચાયાં. ખેડૂતોની તો ખાના-ખરાબીની વાત જ શી કરવી? ખેતર ચૂંડેલના વાંસા જેવાં, જોતાં ખાવા ધાય તેવાં થઈ ગયાં હતાં.' જુવાન સાધુ વર્ણન કરતાં વળી થોભ્યા.

'રાજા તો મેઘરાજા, ઔર રાજા કાયકા?' સાધુવરે પોતાનો સામાન્ય અભિપ્રાય ઉચ્ચાર્યો.

'મગધનો રાજા ચંદ્રગુપ્ત! એ પણ એક ટંક ખાતો હતો. ગૃહસ્થો કે જેના કૂવામાંથી ખાનપાનની સરવાણી ફૂટે, એ કૂવો સુકાય, એટલે હવાડામાં શું રહે? અને સાધુને શું મળે? દેહને દનિયું તો આપવું પડે. આવી સ્થિતિમાં હાડકાના માળા જેવા સંઘે સાધુઓને સરોવર તીરના પ્રદેશોમાં ને દક્ષિણમાં સમુદ્રકાંઠે ચાલ્યા જવાની સૂચના કરેલી. રે! સાધુઓ બચ્યા હશે તો જ્ઞાન બચશે! જ્ઞાન બચશે તો ધર્મ બચશે. સાધુઓના જથ્થા યત્રતત્ર ચાલ્યા ગયા; પણ ઘણા માર્ગમાં રહી ગયા, ઘણા કોઈ સ્થળે પહોંચ્યા તો ત્યાંના દારુણ દુષ્કાળને જોઈ ખુદ અનશન સ્વીકારી લીધું. રે! ગૃહસ્થનાં બાળ ધૂળ ફાકતાં હોય ત્યારે સાધુને વળી અન્ન શાં!'

'સાધુ તો ફૂલનો ભમરો! ફૂલમાં હોય તો લે, નહિ તો બેસી રહે!'

'સૂરિવર્ય સાચું છે કે સમય કોઇનો રોકયો રોકાતો નથી. એ સમય પણ પસાર થઈ ગયો. ફરી આકાશમાં વર્ષા જળ વેરવા આવી. જળ વેરાતાં પૃથ્વી ફરી ખીલી ઊઠી, ફરી ખેતરો અનાજથી લહેરાઈ રહ્યાં, ઉદ્યાનો ફળફૂલથી છકી રહ્યાં. શ્રી સંઘે બધું ઠીકઠાક થતાં સાધુ સમસ્તને નિમંત્રણ પાઠવ્યાં. પણ થોડાક સાધુ-ઓજ આવ્યા. દુષ્કાળે ઘણાને કાળ-ગ્રસ્ત કર્યા હતા; જે થોડા આવ્યા એ સાધુઓ પાસેથી સંગૃહીત જ્ઞાનક્ષુધાનું પાન શ્રી સંઘે કરવા માંડયું; જ્ઞાનયજ્ઞ આરંભાયો, પણ થોડી વારમાં ભાસ થઈ ગયો કે કેળવણી વગર જેમ કેકાણ (ઘોડો) નષ્ટ થાય, ક્ષમા વગરનો સાધુ ધર્મ નષ્ટ થાય; એમ આવૃત્તિ વગરનો અભ્યાસ નષ્ટ થયો હતો.' જુવાન સાધુ થોભ્યા.

'સાચી વાત છે,' સાધુવરે કહ્યું 'વારુ. પછી શ્રી સંઘે આગળ પ્રયાસ જારી રાખ્યો કે છોડી દીધો?'

'આચાર્ય દેવ! પ્રયાસ જારી રાખવો એ જ શ્રીસંઘની હસ્તી માટે શોભીતું હતું. વેરાયેલાં મોતીને સાગર-માંથી જેમ શોધી શોધીને ગોતામાર એકત્ર કરે, એમ જે મળ્યું તેની પાસેથી

જ્ઞાનની પરંપરાઓ અને તેના પાઠો એકત્ર કર્યા.'

'ધન્યવાદ છે શ્રી સંઘને! આ પ્રયાસથી વાણીને પ્રયોજવા જેટલું જ સંગૃહીત કરનારે શ્રેય સાધ્યું છે.'

'સાચું છે, સૂરિપ્રવર! અંગ, અધ્યયન ને ઉદ્દેશાદિ જે મળ્યાં તે સંગૃહીત કર્યાં છે, ને આ રીતે પ્રતાપી પૂર્વજોનાં વારસારૂપ અગિયાર અંગ તો સંગૃહીત થઇ ગયાં છે. દૃષ્ટિવાદ નામનું બારમું અંગ અતિ શ્રમ સેવવા છતાં હજુ મળી શક્યું નથી!'

'અતિ અગત્યનું છે એ અંગ!'

'સત્ય કથન છે, આપ શ્રીમાનનું! પાટલિપુત્ર એ અંગને પોતાનો પ્રાણ પ્રશ્ન બનાવી રહેલ છે, અને એ માટેજ અમોને આપ શ્રીમાનની ચરણસેવામાં મોકલ્યા છે. સહુ કહે છે કે, આર્ય ભદ્રબાહુ સ્વામી પાસે આ જ્ઞાન છે. અને પાટલિપુત્રના શ્રીસંઘે સબહુમાન આગ્રહ આપને વિનંતિ કરી છે કે આપ ત્યાં પધારો; અને અમારા જ્ઞાન-યજ્ઞને પરિપૂર્ણ કરો!'

આચાર્ય ભદ્રબાહુ અત્યાર સુધી ઉત્સાહથી બધું સાંભળી રહ્યાં હતા; પણ અંગત વાત આવતા જરા ક્ષોભ અનુભવી રહ્યા. થોડીવાર મૌનનો આશ્રય લઈ રહ્યા.

ચંદ્રગિરિની ટેકરીઓ પાછળ સૂરજ પોતાની કિરણાવલિ રેલાવી રહ્યો હતો. વાદળોમાં ઈન્દ્રધનુના સઢવાળી હોડીઓ જતાં ત્યાં હલેસાં મારતી હતી.

થોડીવારે મૌનનો ભંગ કરતાં આચાર્યશ્રી ભદ્રબાહુ બોલ્યા.

'પાટલિપુત્રના આંગણે યોજાયેલ જ્ઞાનયજ્ઞમાં મને તેડું કરવા તમે આવ્યા, શ્રીસંઘનો આદેશ લઇને આવ્યા, જીવનું જોખમ ખેડીને તમે આવ્યા, તમ સહુને મારાં ભૂરિ ભૂરિ અભિનંદન. પણ મેં મહાપ્રાણ નામનું ધ્યાન આરંભ્યું છે. એમાં બાર વર્ષ લાગશે. માટે જ્ઞાન-યજ્ઞમાં ભાગ લેવા માટે પાટલિપુત્રમાં આવવાને હું અશક્ત છું! સંઘ મને માફ કરે.'

જુવાન સાધુઓએ એક બે વાર આગ્રહ કર્યો, પછી વધુ કથન કરવું, એમના ગજા બહારની વાત હતી. તેઓ ફરી હિમશિલાઓ, પર્વતશૈલો ને ઊંડા ગિરિઝરણો વીંધતાં પાટલિપુત્ર પાછા ફર્યાં.

શ્રીસંઘ તાબડતોબ એકત્ર થયો ને જુવાન સાધુઓના મુખે આચાર્ય ભદ્રબાહુનો સંદેશ સાંભળ્યો.

સંઘ વિચારવિમર્શમાં પડ્યો: 'આજે આરંભાયેલ જ્ઞાનયજ્ઞને બાર વર્ષ સુધી થંભાવી શકાય નહિ. રે!

ફરી આદેશ મોકલો! શ્રીસંઘની આજ્ઞા મોકલો. બીજા બે નવજુવાન સાધુ આ આજ્ઞા પહોંચાડવાનું કામ માથે લે!'

ભરી જુવાનીવાળા બે સાધુ ખડા થઈ ગયા. તેઓએ કહ્યું: અમે જાણ્યું છે કે પ્રવાસ કપરો છે, પણ આ જ્ઞાનયજ્ઞમાં અમે પણ કંઈ કરી જવા માંગીએ છીએ. શ્રી સંઘ અમને આદેશ આપે, એની આજ્ઞાના નિર્વહન માટે.

શ્રીસંઘે આદેશ આપ્યો, સાથે નિરાશાની પળોમાં ખપ લાગે તેવી એક પ્રશ્નાવલિ પણ આપી, અને સૂચના કરી કે સાધુવર ના કહે તોજ પ્રશ્નાવલિનો ઉપયોગ કરવો, અન્યથા નહિ!

બે સાધુ ફરી હિમાચલની કંદરાઓમાં ને કેડીઓમાં ખોવાઈ ગયા. એક શીતળ સવારે જ્યારે હવામાં હિમ હતું ત્યારે બે સાધુઓ ચંદ્રગિરિની ધ્યાનગુફામાં જઈ પહોંચ્યા. ગુફા બંધ હતી. અંદર ધ્યાન ચાલુ હતું. સાધુ બહાર બેઠા. તેજદાર છરી જેવી હવા ગાત્રમાં ખૂંપી જતી હતી!

બે પ્રહરે ગુફા ખુલી. જુવાન સાધુઓએ વંદન સાથે એમાં પ્રવેશ કર્યો, ને આગમનનો ઈરાદો સ્પષ્ટ કર્યો.

સાધુવર બોલ્યા: 'પૂર્વના મુનિઓને આપેલો ઉત્તર તમને પણ આપવાનો છે. હું જરા પણ ખસી શકું તેમ નથી.'

'આપ મહાજ્ઞાની છો શ્રીસંઘે અમને એક પ્રશ્ન આપ્યો છે: એનો ઉત્તર આપ પાસેથી લઇને અમારે પાછા વળી જવાનું છે.'

'સુખેથી પૂછો.' સાધુવરને ટૂંકામાં વાત પતી જતી લાગી.

'શ્રીસંઘે પૂછાવ્યું છે કે જે શ્રીસંઘની આજ્ઞા ન માને તેને માટે શાસ્ત્રમાં શી શિક્ષા લખી છે?'

'બહિષ્કાર. અસહકાર. આજ્ઞાભંગી ગમે તેવો મહાન જ્ઞાની હોય કે ચમરબંધી રાજા હોય તેને સંઘમાંથી બહિષ્કૃત કરવો.' આચાર્યવરે સ્પષ્ટ જવાબ આપ્યો.

'મહાગુરુ! નાના મોઢે મોટી વાત કરીએ તો માફ કરશો. શ્રી સંઘે કહ્યું છે, કે આપ તેજ શિક્ષાને પાત્ર ઠરો છો.'

મહાજ્ઞાની સાધુવર બે ઘડી સ્તબ્ધ થઈ ગયા. ઓહ! આત્મકલ્યાણની અતિ ઝંખના કોઈ વાર કેવી ભીંત ભુલાવે છે! એ બોલ્યા.

'સાધુઓ! હું જ્ઞાની થઈને અજ્ઞાની બન્યો. હું ગમે તો હોઉં પણ શ્રી

સંઘ એક સિંધુ છેઃ હું તેનું એક બિંદુ છું, પણ...

સાધુવર થોભી ગયા. દૂર અદ્ધર તોળાઈ રહેલી હિમશિલા સૂર્યકિરણોમાં પીગળીને નીચે પડી. એના શતશત ખંડ થઇ ગયા.

હવામાં એ જ શીતળતા હતી અને હિમખંડોમાં એ જ શ્વેતતા હતી.

સાધુવર ઊંડી આત્મખોજ કરી રહ્યા. થોડી વારે બોલ્યા.

'વ્યક્તિ આખરે સમષ્ટિનો અંશ છે. બિંદુ ગમે તેવું મોટું હોય, એ સિંધુથી હરીફાઈ કરી શકે નહિ. શ્રી સંઘને કહેજો કે તમારી આજ્ઞા મને શિરસાવંદ્ય છે! પણ હું શ્રી સંઘનો અનુગ્રહ–પ્રસાદ ચાચું છું! સુજ્ઞ ને મેધાવી વિદ્યાર્થીઓને અહીં મોકલો. હું મારું ધ્યાન ચાલુ રાખીશ, સાથે જ્ઞાનવાચના પણ આપીશ. જ્ઞાનયજ્ઞનું એક સત્ર અહીં આરંભીશું: બે કાજ સિદ્ધ થશેઃ મારા કાર્યને બાધા નહિ આવે, શ્રી સંઘનું જ્ઞાનસત્રનું પવિત્ર કાર્ય પૂર્ણ થશે.'

બંને સાધુઓએ સાધુવરનો સંદેશ હૈયાપાટી પર આલેખી લીધો, ને ફરી સાધુવરના ચરણસ્પર્શ કરી પ્રસ્થાનની અનુજ્ઞા માંગી. દેહની રોમાવલિ બળી ગઈ હતી, ને હાડકે–હાડકું કંપી રહ્યું હતું. પ્રસ્થાનના માર્ગમાં પ્રાણ નીકળી જાય તે પહેલાં સંદેશો પહોંચાડી દેવાનો હતો.

સાધુવરે આશીર્વાદ આપતાં કહ્યું:

'સુખે પ્રયાણ કરો. નિર્વિઘ્ન યાત્રા હો! શ્રીસંઘને કહેજો કે વ્યક્તિ ગમે તેટલી મહાન હોય, સમષ્ટિ પાસે એની હસ્તી કાંઇ નથી. શ્રીસંઘ મારી પ્રાર્થના સ્વીકારે.' અવાજમાં આજ્ઞાધીનતા હતી.

બંને સાધુ પ્રવાસ ખેડતા પાટલિપુત્રમાં આવ્યા. થોડીવારમાં ચંદ્રગિરિની ટેકરીઓમાં પાંચસોએક સાધુ વૃક્ષને આશ્રયી વાનરો રહે, એમ નાની મોટી ગુફાઓને આશ્રયીને રહી ગયા.

પાટલીપુત્રમાં આરંભાયેલા જ્ઞાન-યજ્ઞનું બીજું સત્ર અહીં આરંભાયું. હિમાલયની પવિત્ર ટેકરીઓ ધર્મ-મંત્રોચ્ચારથી પુનિત થઈ રહી!

# ગો = ચ = રી

[૨૬–જાન્યુઆરી એ ભારતનું આઝાદી પર્વ છે. સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે રાષ્ટ્રભક્તિ વિષે અનેક ગદ્ય–પદ્ય સાહિત્ય સર્જ્યું છે. ભજન પદ સંગ્રહ ભાગ ૯ નો મોટા ભાગનો ગ્રંથ, રાષ્ટ્રભક્તિથી ભરપૂર છે. તેની પ્રસ્તાવનામાં રાષ્ટ્રપ્રેમ શબ્દ શબ્દે છલકે છે પ્રસંગને અનુલક્ષીને તે વિષેનું કેટલુંક સંકલન અહીં રજુ કરવામાં આવે છે. —સંપાદક]

......આર્ય ભારત હિંદ પોતે સ્વતંત્ર સ્વરાજ્યમાંથી અન્ય ખંડ દેશોને શાંતિ–સુખ અને સ્વતંત્રતામાં સહાયક બની શકે તેમ છે. અને અધર્મ્ય યુદ્ધને શમાવવા માટે ગુરુ તરીકે શિક્ષણ આપી શકે તેમ છે...

**[ભ. સં. ભા. ૯. પાન ૧૩]**

......પશુબલથી ઉન્મત્ત બનેલ કોઇ દેશ વસ્તુતઃ સ્વરાજ્ય સ્વતંત્રતાનો ભોગી નથી. પશુબલના પ્રયોગથી અન્ય દેશોની પ્રજાઓને ગુલામ બનાવી અને તેઓની સત્ય સ્વતંત્રતાના ઘાતક બનવું એ ઇશ્વરને માનનારને ઘોર કલંક પાપ થાય છે...

......સ્વદેશ માટે સર્વસ્વાપર્ણ કરવું પણ અન્ય દેશોને નુકશાન ન કરવું. પશુઓને અને પંખીઓને પણ ગુલામીપણું પ્યારું લાગતું નથી તો મનુષ્યને ગુલામ બનાવવા અને તેઓનું સ્વરાજ્ય પડાવી લેવું એ મનુષ્યનું કર્તવ્ય નથી...

**[ભ. સં. ભા. ૯. પાન ૧૪]**

......શક્તિયોનો ગર્વ કરીને અન્ય દેશો પર અન્યાય જુલ્મ કરવો તેના સમાન અન્ય કોઈ રાક્ષસી કર્મ નથી...

......શસ્ત્રબળથી ક્ષણિક સ્વરાજ્ય કે શાંતિ જેવું લાગે છે પરંતુ વસ્તુતઃ તે સ્વરાજ્ય અને શાંતિ નથી. પરસ્પર શસ્ત્રો વડે સામાસામી ઊભી રહેલી પ્રજાઓમાં પ્રભુપ્રેમ તેમજ વિશ્વશાંતિ નથી......

......જે પ્રજા શસ્ત્રોથી જીતે છે તે જ પ્રજા અન્યોના શસ્ત્રોથી પાછી હારે છે, શસ્ત્રબળ પર મુસ્તાક બનેલા યોદ્ધાઓએ આજ સુધી કોઈ દેશની સત્યોન્નતિ કરી નથી. મહાભારતનું યુદ્ધ તપાસો તેથી પરીણામ શું આવ્યું છે? હિંસાથી જે રાજ્ય સ્થપાય છે તે માટી ભેગું થોડા જ સૈકામાં થઈ જાય છે અને અહિંસાથી જે રાજ્ય સ્થપાય છે તે ઘણા કાલ પર્યંત કાયમ રહે છે......

**[ભ. સં. ભા. ૯. પાન ૧૪-૧૫]**

......નામર્દોને સ્વરાજ્યનો હક્ક નથી. મર્દોને સ્વરાજ્ય ભોગવવાનો હક્ક છે. જેઓ જીવતાં પહેલાં મરી જાણે છે તેઓ સ્વતંત્ર સ્વરાજ્ય કર્તાઓ છે...

**[ભ. સં. ભા. ૯ પાન ૨૨]**

......સ્વરાજ્યની નીતિ સર્વ વિશ્વમાં વ્યાપક ભાવે પ્રગટાવવી જોઈએ અને એ દૃષ્ટિએ સર્વ વિશ્વ દેશોમાં એક સરખું સ્વાતંત્ર્ય યુક્ત સ્વરાજ્ય હોવું જોઈએ એમ સર્વ વિશ્વ મનુષ્યોનો નિષ્પક્ષપાત દૃષ્ટિએ એક સરખો અનુભવ પ્રગટે એ બનવા યોગ્ય છે. અને એવી દૃષ્ટિના આદર્શ ધ્યેયમાં સર્વ વિશ્વમાં સ્વરાજ્યની વ્યવસ્થા હોવી જોઈએ. ભવિષ્યમાં એ દૃષ્ટિએ સુધારાઓની પ્રગતિ અવશ્ય થશે......

**ભ. સં. ભા. ૯. પાન ૨૫**

......સ્વરાજ્યની ઈચ્છા કરનારા વિશ્વ મનુષ્યો! તમો દયાવંત મધ્યસ્થ બનો. મનુષ્યોની દયા કરો અને તેઓનાં દુઃખ ટાળો. ભૂખ્યાને ખાવા આપો. દુઃખીઓનાં આંસુ લૂછો. અન્યાય-જુલ્મ વગેરેથી મનુષ્યોનાં ગળાં ન કાપો.

દયા સમાન સ્વરાજ તેમજ સ્વધર્મ નથી. પ્રભુની મહેરબાની ઈચ્છતા હો તો અશક્ત ગરીબો પર દયા કરો. દયા છે ત્યાં જ પ્રભુ છે. શુદ્ધ પ્રેમ હૃદયમાં છે ત્યાં પ્રભુ છે.

કોઈને હણો નહિ, મારો નહિ, સંતાપો નહિ. કોઈને પીડો નહિ. સત્તા, ધન અને માન, પ્રતિષ્ઠા કરતાં અન્ય જીવોની દયામાં આત્મ ગૌરવ માનો. ગામમાં, શહેરમાં, દેશમાં, ઘરમાં વનમાં કોઈના હૃદયનો રડવાનો અવાજ સાંભળો તો તેની મદદ કરો. એ જ તમારો સત્ય ધર્મ છે.

અન્યાય થતો અટકાવો, ચોરી થતી અટકાવો. જુલ્મો થતાં અટકાવો. અન્યોને પ્રાણ સમાન ગણીને અન્યોને બચાવો. રોગના વખતમાં રોગીઓને બચાવવા જે બને તે કરો. દુકાળનાં વખતમાં દુકાળપીડિત મનુષ્યોની રક્ષા કરો. મદદ માંગે તેને મદદ આપો. નિર્દયી, જૂઠા મનુષ્યોના હાથે પીડાતા લોકોને અને પશુપંખીઓને બચાવો. **નાહક રકતપાન કરનારાં યુદ્ધો અટકાવો. નકામી લડાઈ તેમ જ**

**કીર્તિની લાલચે અન્ય મનુષ્યોને છેતરો નહિ.**

**વૈરીઓને પણ સહાય કરો. શત્રુઓને સુધારો અને તેમને સુધારવાનો સમય આપો.** ક્રોધ, માન, માયા, લોભના તાબે થઈ પાપ-કર્મની પ્રવૃત્તિ ન કરો. દયા, સત્ય અને શુદ્ધ ધર્મમાં જ સત્ય, સ્વતંત્રતા, સુખ અને સ્વરાજ છે. આમ સમજી શુભ કર્મ કરો. સર્વ જીવોનું ભલું કરવામાં સ્વરાજ, સર્વ લોકોના હૃદયમાં જ છે......

[ભજનપદ સં. ભા. ૯. પાન ૨૬-૨૭]

### દિલ એક મંદિર

...હે ભવ્યો! તમારા ઘરમાં કોહેલું કૂતરું પેસે છે, તો તમે કેવા તાડુકીને, તેને લાકડી વડે બહાર કાઢી મૂકો છો? કોહેલા કૂતરાંને કાઢી મૂકયા વિના તમને નિરાંત વળતી નથી.

ભવ્યો! તમો તેથી પણ વિશેષ ભૂલ કરો છો. તમારા હૃદય ગૃહમાં વિષય વાસનારૂપ કોહેલું કૂતરૂં વસ્યા કરે છે. તેને આજ દિવસ પર્યંત નિરાંતે વસવા દઈ તમે ન મારૂં હૃદયગૃહ દુર્ગંધમય કરી નાખ્યું છે. જો તમારા હૃદય મંદિરમાં શકિતમય આત્મપ્રભુ સ્થાપવાની ઈચ્છા હોય તો વૈરાગ્યરૂપ લાકડી વડે વિષયવાસનારૂપ કોહેલા કૂતરાને જલદી કાઢી મૂકો. અને તે ફરી લાગ જોઈને હૃદયમાં પ્રવેશ ન પામી જાય તેનું ખ્યાલ રાખો, અને પછી જો જો કે તમારૂં હૃદય મંદિર પવિત્ર દેખાશે, ધ્યાન ભક્તિથી આકર્ષાયેલા આત્મપ્રભુ આપોઆપ ત્યાં આવીને બિરાજમાન થશે.

તમારા હૃદયમાં સ્વાર્થરૂપ રાફડો કરી તેમાં કપટરૂપ કાળો નાગ વસે છે. તેને યુક્તિ પ્રયુક્તિથી દૂર કરજો.

જ્યાંસુધી તમારૂં હૃદય મંદિર શુદ્ધ નહિ થાય ત્યાંસુધી તમે ગમે તેટલા પ્રયત્ન કરો પણ કાર્યની સિદ્ધિ થશે નહિ. તમારું હૃદયક્ષેત્ર જ્યાં સુધી અયોગ્યતા, મલિનતારૂપ ખારી માટીથી ખરાબ બન્યું છે ત્યાંસુધી તેમાં તમે આત્મશુદ્ધ પરિણતિરૂપ ફલાર્થે, વાસનારૂપ બીજ વાવશો, તો તે નકામ જ જવાના છે.

ખારી માટી સમાન દુર્ગુણી ક્ષેત્રમાં વાવેલું આત્મોપાસના રૂપ બીજ નકામુ જશે. બાહરથી અનેક પ્રકારનાં ટીલા, ટપકાં, છાપ વગેરે લગાવી, તમે માની લો કે મારા હૃદયમાં ભગવાન પધાર્યા પરંતુ તમારું મંકુક જટાવત્ તથા મનુષ્ય શ્રૃંગવત્ ફોક છે.

જ્યાં સુધી તમે સ્વાર્થાંધ છો અને વેર-ઝેર, નિંદા, વિશ્વાસઘાત વગેરે અપકૃત્યોથી તમારા હૃદય મંદિરને ખરાબ દુર્ગુણી બનાવતા રહો છો ત્યાં સુધી ઉપરનાં ટીલા, ટપકાં, છાપ વગેરે લાખો ચિન્હો લગાવો, મેરૂ-પર્વતની જેટલી [illegible] સોંપો, ફેનો-

શ્રાફ યંત્રની પેઠે જગતનું અનેક પ્રકારનું ગાન કરો પણ તેથી તમારો આત્મપ્રભુ જરાયે સંતુષ્ટ થશે નહિ. અને તમારા હૃદય મંદિરમાં વાસ પણ નહિ કરે તે તમે નક્કી સમજજો.

હાથીના દાંત ચાવવાના જુદા અને દેખાડવાના જુદા એવી બે ભાવવાળી કપટવૃત્તિને તમે હૃદયમાં વાસ કરવા દો છો ત્યાં સુધી હૃદયમંદિરમાં આત્મપ્રભુ વાસ કરવાના નથી.

જ્ઞાનરૂપ દીપકથી હૃદય મંદિર પ્રકાશવાળું કરો. ભક્તિરૂપ છંટકાવ કરો. ધ્યાનરૂપ ગાદીતકીયા બીછાવી દો. સમતાનાં તોરણ બાંધો ઉત્સાહ અને પ્રેમનાં વિજય વાવટા લટકાવી દો. સોહમના આમંત્રણ પાટીયા લગાવી દો. અને પછી જુઓ કે તમારા હૃદય મંદિરમાં આત્મ પ્રભુને પધારતાં કેટલી વાર થાય છે ?

(આત્મ પ્રકાશ પાન ૨૩૦-૨૩૧)

### જોગી અને જમાનો

આર્ય જૈનોએ પરસ્પર એક બીજાને સહાય આપીને ધર્મોન્નતિ વડે આત્મિક ઉન્નતિ કરવી જોઈએ. આર્ય જૈનો જો હવે સર્વ કામોની હરિફાઈ વખતે ગફલત ધારણ કરશે તો તેઓનું નામ નિશાન પણ રહેવું દુર્લભ છે. હવે તો આત્મ ભોગ આપીને આર્ય જૈનોએ પરસ્પરની સેવા કરવા કટિબદ્ધ થવું જોઈએ. ભૂતકાળની ક્ષુદ્ર વૈર વિરોધની બાબતો ભૂલી જવી જોઈએ

હાલના જમાનાને નહિ ઓળખવામાં આવે તો જૈનો ભવિષ્યમાં પોતાની ભાવિ પ્રજાના ખરાબ આશીર્વાદોના પાત્ર બનશે. સર્વ દેશની પ્રજાઓની સામે ટકી રહેવાનું બળ પોતાના હાથે પ્રાપ્ત કરવામાં એક ક્ષણ પણ નકામી ગુમાવવી ન જોઈએ.

લક્ષ્મી અને સત્તાનો મદ મૂકીને આર્ય જૈનોએ જમાનામાં નભી શકાય અને ભવિષ્યમાં પોતાની અસ્તિ રહે એવા સુધારાઓ કરવાની હવે જરૂર છે.

જમાનો ઓળખીને યોગ્ય સુધારાઓ કરીને જૈન ધર્મની સેવા કરનારાઓના કદી શત્રુ ન બનવું જોઈએ. જૈન ધર્મની પૂર્ણ શ્રદ્ધા કરનારા આર્ય જૈનોને પ્રતિદિન સહાય આપવા તૈયાર થવું અને તેમની જૈન ધર્મની શ્રદ્ધા તરફ લક્ષ દઈને તેમના કૃત્યોને અનુમોદન આપવું.

જૈનોએ કૂપમંડુક દૃષ્ટિ ત્યાગીને હવે જમાનાની હરિફાઈમાં, સર્વ પ્રજાઓની સામે આગળ વધવાનો જ ધર્મ સેવવો જોઈએ.

[ધાર્મિક ગદ્ય સંગ્રહ પા. નં. ૫૮૬]

卐

કનુ પરમાર

આ માસની સત્ય કથા

# બલિદાન

[ગુનેગારોના પગમાં બેડી હોય છે. તેના હાથ ગુના કરે છે; હૈયું નહિ અને જ્યારે એ હૈયાને તક મળે છે ત્યારે એ પણ કંઈક કરી શકે છે. માનવતાના વિકાસ માટે, જીવતી ચામડી ઉતારી આપતા, રક્તદાન કરતા એવા કેટલાક ગુનેગારોના 'બલિદાન'ની સત્ય ઘટના—

સંપાદક

**પ**ગમાં બેડીઓ અને દોરડેથી બાંધેલ ગુનેગારોને દોરીને પોલીસ ક્યારેક રસ્તેથી પસાર થતી હોય ત્યારે સ્વાભાવિક રીતે જ, બેડીઓના ખણ-ખણાટથી આપણું ધ્યાન એ તરફ દોરાય છે. ગુનેગારને જોતાં જ પ્રથમ દૃષ્ટિએ આપણને તેના પ્રત્યે ઘૃણા છૂટે છે. આછેરા ભયની લાગણી પણ થઈ આવે છે.

સભ્ય સમાજના દુશ્મન જેવા આ ગુનેગારો પ્રત્યે એવી ઘૃણા છૂટે એ દેખીતું જ છે. એવા ગુનેગારોમાં કેટલાક ક્રૂર, હત્યારા, નામીચા ડાકુઓ, ગુંડા અને હરામખોરો પણ હશે જ, પરંતુ ક્રૂર અને શેતાન ગણાતા ગુનેગારો–કેદીઓના દિલમાં પણ માનવતાના દીવડાની ઝાંખી જ્યોત બળતી જ હોય છે. અને એના થોકબંધ દાખલા પૂરા પાડે છે અમેરિકાના ક્રૂર ગણાતા કેદીઓ !

આશ્ચર્ય થાય એવા કિસ્સા છે, પરંતુ એ નગ્ન સત્ય છે. શાસ્ત્રવિદ્યા સંશોધનમાં દેહ અર્પણ કરી દેવો, હોસ્પિટલની જરૂરિયાત મુજબ જીવતી ત્વચા ઊતારી આપવી, મોં માગ્યું રક્તદાન આપવું, જાનની પરવા કર્યા વગર પૂરપીડિતો અને આગમાં સપડાયેલાંની વહારે ધાવું, વગેરે સુકૃત્યોથી માનવતાની મહેક મૂકી જનાર આ ગુનેગારોના સ્વાપર્ણ સંતની બરોબરી કરે એવા છે.

મિસૂરી (અમેરિકાના) ના સિડર પર તોફાન અને વાવાઝોડું વીંઝાયું હતું. બે અઠવાડિયાં સુધી ત્રાટકેલ

ધોધમાર વરસાદના કારણે મિસૂરિ નદીમાં પૂર ઊભરાતાં, આખાં શહેર પર કાળચક્ર ફરવા લાગ્યું. નદીના ઊભરાતા પૂરથી બચવાની બારી નહોતી. સિડારના લોકોએ ગભરાઈને નદી સામે પોતાનો પરાજય કબૂલ કરવાની તૈયારી કરી, પણ એ પહેલાં એકવાર નજીકનાં શહેરમાં મદદ માટે સંદેશો પહોંચાડવામાં આવ્યો અને તુરત જ મિસૂરીના કર્નલ જેમ્સ ડી. કાર્ટરે સો સ્વયંસેવક કેદીઓની તત્કાળ મદદ માંગી.

મૃત્યુના મોંમાં સપડાયેલા સિડર શહેરની જનતાને બચાવવા માટે આશરે ૭૦૦ જેટલા ગુનેગારો પોતાની સેવા આપવા માટે આગળ આવ્યા. તેમાંથી ૪૦૦ કેદીઓ પર પસંદગી ઉતારવામાં આવી. આ ૪૦૦ કેદીઓ આફત અને જીવતા મોતને બાથ ભીડવા દોડી ગયા.

વર્ષોથી કેદાવસ્થામાં રહેલા કેદીઓ પહેલી વાર જ કોઈ પણ જાતની દેખરેખ વગર મુક્ત રીતે ત્રિકમ, પાવડા અને ટોપલીઓ લઈને પૂરના પાણીને ખાળવા ગયા હતા. સભ્ય નાગરિકો અને ક્રૂર ગણાતા કેદીઓએ ખભેખભા મિલાવી નદીને નાથવા શ્રમ આદર્યો. એ વખતે ઊંચ–નીચ, ભય કે ઘૃણા વગેરેના ભાવો ભૂંસાઈ ગયા હતા. ૩૬ કલાક સુધી જળ સાથે જંગ ખેલ્યા બાદ પૂરના પાણી કાબૂમાં આવ્યાં હતાં. સિડર શહેરને ભયમુક્ત જાહેર કરવામાં આવ્યું. વસંતઋતુનો મોટા ભાગનો પાક પણ બચાવી લેવામાં આવ્યો હતો.

સિડારની ઇમારતો, તેના વેપાર–ધંધાઓ માલમિલકત અને કુટુંબ–કબીલાના જીવ બચાવવા માટે સિડારના નાગરિકો ગુનેગારોના આભારી હતા, અને આભારમાં ફક્ત તેઓએ કેદીઓ સાથે હાથ મિલાવ્યા હતા એટલું જ અધમૂઆ, પણ કંઈક સુકૃત્ય કર્યું એ સંતોષ સાથે, કેદીઓ જેલમાં પાછા ફર્યા.

અમેરિકાની જુદી જુદી જેલોમાંના કેદીઓ વિકટ પરિસ્થિતિ ઊભી થયે પોતાનું રક્ત, પોતાનું સ્વાસ્થ્ય અને ક્યારેક તો આખો દેહ અર્પણ કરીને જનતાની સેવા બજાવે છે. જીવલેણ બનતા કેટલાક વૈજ્ઞાનિક પ્રયોગોમાં પણ તેઓ પોતાની સેવા આપવા તત્પર હોય છે.

અમેરિકાની રેડક્રોસ સંસ્થાના રેકોર્ડના આંકડા તપાસતાં માલુમ પડે છે કે, આવા કેદીઓ જ અમેરિકાના સૌથી મોટા રક્તદાતા છે. ૧૯૫૯ માં આવા સો ઉપરાંત કેદીઓએ પોતાનું ૬૯ હજાર પોઈન્ટ લોહી રેડક્રોસ સંસ્થાની રક્તઝુંબેશને અર્પણ કર્યું હતું. આ ઉપરાંત દવાખાના અને આરોગ્ય કેન્દ્રોને તાકીદના કેસોમાં હજારો પોઈન્ટ રક્તદાન કેદીઓ તરફથી આપવામાં આવે છે.

મીશીગનનો એક દાખલો તપાસતાં માલુમ પડયું હતું કે, એક વર્ષ દરમિયાન ત્યાંના નાગરિકોએ ૩૫૭૬ પોઇન્ટ લોહી આપ્યું હતું, જ્યારે ઉત્તર મીશીગનના જેકસન ખાતેના કેદીઓએ પોતાનું ૭૯૨૨ પોઇન્ટ લોહી અર્પણ કર્યું હતું.

મિસૂરી રાજ્યની જેફરસન જેલના ૩૧૧૦ લોહી આપનારા કેદીઓ, મિસૂરી મેડિકલ યુનિવર્સિટીના હૃદય ચીરવાના પ્રયોગમાં મહત્ત્વના સાધનરૂપ બન્યા હતા. એ વખતે થયેલ એક વિશિષ્ટ ઓપરેશનમાં પુષ્કળ લોહીની જરૂર ઊભી થઈ હતી, અને આ કેદીઓએ તેમાં મોં માગ્યું લોહી પૂરું પાડયું હતું.

મેલેરિયા સામે થયેલ ઝુમ્બેશમાં એટલાન્ટાના ભૂતપૂર્વ અને વર્તમાન કેદીઓએ જે ભોગ આપ્યો છે, એ માટે સમગ્ર વિશ્વ તેઓનું ઋણી છે. એક હજાર કરતાં પણ વધારે કેદીઓએ મેલેરિયા જંતુ ધરાવતા મચ્છરોને પોતાના શરીરે ખુશીથી કરડવા દઈ રોગને હસતે મોંએ નોતર્યો હતો. આમાંથી ઘણાને મેલેરિયા લાગુ પડયો હતો. પણ ગુનેગારોના આ સહકારથી વૈજ્ઞાનિકોએ પોતાનો ઉકેલ શોધી લીધો હતો અને મેલેરિયાના ઉચ્છેદ માટે વધુ અસરકારક ઔષધ સાંપડયું હતું.

વિશ્વના કરોડો માનવીને ઉપકારક થઈ પડે એ માટે વૈજ્ઞાનિક સંશોધન યોજનામાં કોલમ્બસ ખાતેના ઓહાયો પશ્ચાત્તાપ ગૃહના કેદીઓએ સુંદર ફાળો આપ્યો હતો, અને એ ફાળો કેન્સર સંશોધન અંગે અપાયો હતો.

કેન્સરના જીવતા કોષાણુ ઓહાયો જેલના આ વીર કેદીઓના શરીરમાં ઇન્જેકશન દ્વારા મૂકવામાં આવ્યા હતા. આ પ્રયોગ ચોથા વર્ષમાં છે અને આ અંગે થયેલ સંશોધન મૂલ્યવાન સાબિત થયું છે. આથી કેન્સરના દર્દીઓને ભવિષ્યમાં સંપૂર્ણ ઔષધ સાંપડશે.

ફોલસોમ (કેલિફોર્નિયા) ના ૧૫૦ જેટલા કેદીઓએ હોજરીના ગુમડાં, આંદાં અને ફેફસાંના કેન્સર અંગે થઈ રહેલ સંશોધનમાં, પોતાની જાત પર રાજીખુશીથી અખતરા કરવા દઈ મહત્ત્વનો ફાળો આપ્યો.

આ બધા અખતરાઓમાં ઘણા અખતરા જીવલેણ બને છે અને ઘણીવાર કેદીઓનાં મૃત્યુ થાય છે. પેન્સીલવેનિયાની લેવીસબર્ગ ખાતેની ફેરવેલ જેલમાં સેન્ટ જોર્જનું જે દેવળ બંધાયું છે તે, ૧૩ વર્ષના યુવાન કેદી જોન એફ. ગેવીનની સ્મૃતિમાં બાંધવામાં આવ્યું છે. તે કલેજાના આંદાં માટે થના અખતરામાં મૃત્યુ પામ્યો હતો. આ ઉપરાંત બીજા બે કેદીઓ રિચાર્ડ એચ. હેનીંગ્સ અને પોલ્ટર વુડે પણ

આવા અખતરાઓમાં પોતાના જાનની આહુતિઓ આપી હતી.

સંખ્યાબંધ કેદીઓએ આવા પ્રયોગોમાં કાયમી બીમારી અને અશક્તિ વહોરી લીધી છે.

માંદાં, ઘવાયેલાં, અકસ્માતથી દાઝી ગયેલા અને અન્ય રોગથી પીડાતાં બાળકો માટે કેદીઓએ સદા કરુણા દાખવી છે. જ્યોર્જિયા પરગણાનાં મીગ શહેરથી લિન્ડા નામની પાંચ વર્ષની બાળા ભયંકર રીતે દાઝી ગઈ હતી. એ વખતે એક કેદીએ પોતાની જીવતી ત્વચા ઊતરડી દઈને બાળકો પ્રત્યેનો પોતાનો સ્નેહ સાબિત કર્યો હતો.

આ બાળા પોતાના શરીરે ૭૫ ટકાથી પણ વધુ દાઝી ગઈ હતી. બાળાના આખા શરીરે નવી ચામડી મઢવી પડે એમ હતું અને એ રીતે એક મહત્વનું ઓપરેશન કરવાનું હતું. આ માટે ચારસો ઈંચ જીવતી ચામડીની ભારે જરૂરિયાત હતી.

ડૉકટરોએ આ અંગે આટલાન્ટા જેલમાં જઈ બધા કેદીઓને ભેગા કરી પ્રવચન કર્યું અને પોતાની જરૂરિયાત દર્શાવી. ત્રીસ મિનિટમાં તો ૨૫૬ જેટલા કેદીઓએ પોતાની ચામડી આપવાની તૈયારી બતાવી.

આ રીતે લિન્ડા પોતાની મેળે બીજી ચામડી પ્રાપ્ત કરે ત્યાં સુધી જીવી ગઈ. અત્યારે લિન્ડા સહેજ લંગડાતી ચાલે છે, પરંતુ તેને પોતાનું બચપણ તો ફરી સાંપડીજ ગયું છે.

કેદીઓ પોતાના નાનકડાં એવા ફંડમાંથી પણ કમનસીબ અને જરૂરિયાતવાળા લોકોને ફાળો આપે છે. ૧૯૫૮ માં કેદીઓએ રેડક્રોસ સહિતની કુલ ત્રણ સંસ્થાઓને એક લાખ અને ત્રાણું હજારનું દાન આપ્યું હતું.

આમ વિવિધ જાતની સેવાઓ આપી ક્રૂર ગણાતા કેદીઓ પણ પોતાના દિલમાં રહેલ માનવતાની મહેક મૂકી જાય છે અને એ માટે શબ્દો સરી પડે છે. 'ગુનેગારોને પણ હૃદય હોય છે.'

'બુદ્ધિપ્રભા' લેખકોને પુરસ્કાર આપે છે. લેખકોને બુદ્ધિપ્રભાના ધોરણને અનુલક્ષીને તેમની કૃતિ મોકલવા વિનંતી છે. કૃતિની સ્વીકાર–અસ્વીકાર જાણવા માટે જવાબી ટીકીટ અવશ્ય બીડવી.

## સમાજ, યોગ ને અધ્યાત્મને સ્પર્શતા

# ગુરુદેવના પત્રો

વસો,
વૈશાખ વદી અમાસ, ૧૯૬૮

સુશ્રાવક ઝવેરી જીવણચંદભાઇ ધર્મચંદ,

યોગ્ય ધર્મલાભ.

પાદરા લખેલો તમારો પત્ર પહોંચ્યો છે. વિશેષ હું વિહારમાં હોવાથી અને ઉપદેશ દેવામાં પ્રવૃત્ત હોવાથી પત્ર લખી શકયો નથી.

ગુરુકુળ માટે તમોએ લખ્યું તે જાણ્યું. ગુરુકુળના વિચારોનો ગામોગામ અને દેશોદેશ ફેલાવો થાય છે જૈનોનો મોટો ભાગ જૈન ગુરુકુળ સ્થાપવામાં પાછળથી સામેલ થશે, એવો સંભવ રહે છે. તીર્થ સ્થળની પાસે જૈન ગુરુકુળ સ્થાપવું એમ તમારો વિચાર છે અને તેમાં મુખ્ય કારણ યાત્રિક જૈનોની મદદ મળવાનું દર્શાવો છો, તે લખવું અમુક અપેક્ષાએ સત્ય છે. ઝગડીયા તીર્થ નર્મદાની પાસેના પ્રદેશમાં જૈન ગુરુકુળ સ્થાપવામાં આવે તો ઠીક લાગે છે. તમો તમારા જેવા ત્રણ ચાર ગૃહસ્થોને જૈન ગુરુકુળમાં આત્મભોગ આપવાને માટે ઊભા કરો તો તે યોગ્ય છે.

નકામી તકરારોમાં પક્ષ પાડીને, જૈનો લાખો રૂપિયાનું પાણી કરી નાંખે છે અને આવી ઉત્તમ બાબતમાં લક્ષ્મી ખરચવા લક્ષ્ય રાખતા નથી એ કેટલું બધું દિલગીર થવા જેવું છે ?!! જૈનોની લક્ષ્મીનો જૈન ગુરુકુળ જેવી સંસ્થાઓમાં વ્યય થાય તો જૈનોની ભાવિ પ્રજાનો ઉદ્ધાર થયા વિના નહિ રહે.

ગુરુકુળ જેવી સંસ્થા સ્થાપતાં આત્મભોગ આપ્યા વિના છુટકો

નથી. આઠ દશ વરસથી, જૈન ગુરુકુળ માટે અનેક રીતે ઉહાપોહ કરાય છે પણ તે જૈનોના ભાવી ઉદય પ્રમાણે બનશે.

જૈનોનો ઉદય આવી સંસ્થાઓનાં માર્ગમાં પ્રવૃત્તિ કરતાં થવાનો છે એમ નક્કી માનશો.

દુઃખ વેઠીને પણ આ કાર્ય જૈનોએ કરવું જ જોઇએ જૈનોના ઉદય માટે આત્મભોગ આપવામાં નહિ આવે તો ભવિષ્યની જૈન પ્રજા માટે આપણે સાપ જેવા ગણાઈશું, ભવિષ્યની જૈન પ્રજાનો ઉદય આપણા ઉપર આધાર રાખે છે.

જે જૈનો કંઈ કરતા નથી અને જે કરે છે તેના સંબંધી લવારો કરે છે, એવા જૈનોની ટકટક ઉપર લક્ષ આપવું જોઈએ નહિ તમો અન્ય કાર્યમાંથી ચિત્ત ખેંચી લઈને આવા ઉત્તમ કાર્યોમાં સમય આપશો તો ભવિષ્યની જૈન પ્રજાને માટે ઉત્તમ બીજ વાવનારા ગણાશો.

જૈન બંધુઓને જાગૃત કરો. આ સંબંધી વિશેષ પ્રયત્નકરો. અમારું તો ઉપદેશ આપવાનું કાર્ય છે. પણ તમારે તો તે કરવાનું છે. આ સંબંધમાં ગુરુકુળના હિમાયતીઓનું એક ખાનગી મંડળ ભરીને વિચારો. ફેલાવશો તો શુભ પરિણામ આવશે ઓમ્ શાંતિ

લિ. બુદ્ધિસાગર.



# संसार और सन्यासके दो पहलू

बुद्धिसागरसूरिजी

[ सद्गतके अप्रतिम ग्रंथ कर्मयोगकी कुछ झांकियां —संपादक ]

द्रव्य, क्षेत्र, काल और भावसे, और भिन्न भिन्न अवस्थाके संयोगोंमें हर इन्सानको अपना अपना कार्य नियत रहता है। जैसे कि संसारमें जो व्यवहार और धर्मका कार्य द्रव्य, क्षेत्र, काल आदिकी अपेक्षासे करना पड़ता है वह सन्यास अवस्थामें छोड़ना पड़ता है।

> यदि मुझे शुरूमें ही पता लगता तो मैं अपना कर्मयोग कभी न लिखता। यह ग्रंथ पढ़कर मैं बड़ा खुश हुआ हूं
>
> —लोकमान्य बालगंगाधर तिलक

जिस कार्य करनेसे लौकिक और लोकोत्तर दृष्टिसे अपना और दूसरोंका सविशेष लाभ हो और अल्प हानि हो ऐसे कार्य करनेमें विवेक दृष्टि, तरतमता, कार्यकी निर्दोषता और कार्यकी आवश्यकता समझनी चाहिये। जो लक्ष्यके लिये जो कार्य करता है वह कार्य करनेमें लाभ और नुकसान वगैरह अनेक कोनोंसे विवेक करना चाहिये। कोई खास कार्य करनेका मतलब क्या है? वह कई कोनोंसे उसका सापेक्षत्व सोचना चाहिये। जो कार्य आवश्यक समझा जाता है उस कार्यकी चारों ओरसे जांच तांच करनी चाहिये, वरन् कईवार ऐसा होता है कि कर्तव्यके अज्ञानसे जो अपना जरूरी कर्तव्य है बिन जरूरी बन जाता है और जो फिजूल कार्य है वह जरूरी बना रहता है। जो जो आवश्यक क्रियाओंका सम्यग्ज्ञान होता है और वे क्रियाएं करनेमें जो हेतुओंकी जरूरत पड़ती है उन हेतुओंका आलंबन लिया जाता है। आवश्यक क्रियाओंका ज्ञान होनेसे आत्मा अपने आपका गवाह बनकर उन क्रियाओंमें बाह्य व्यवहारसे प्रवृत्ति करता है। जिस कार्य करना है उस कार्यसे द्रव्य, क्षेत्र, काल, भाव और

स्व और समाजको इससे क्या लाभ और नुकशान है यह जानते ही सम्यक् प्रवृत्ति होती है। जिस कार्य करनेका निर्णय किया हो उसके अलावा भी कोई उत्तम कार्य है कि नहीं ऐसी सम्पूर्ण जानकारी करनेके बाद, आत्मज्ञानी जो अपना कर्तव्य उमदा और शुभ खयालोंसे करता है वैसे भावसे अज्ञानी और मूढ़ इन्सान अपना कर्तव्य कर नहीं पाता है।

राग द्वेषके विचारोंसे कार्य होता है उससे कर्मका बन्धन लगता है। इसलिये रागद्वेषके संकल्प और विकल्पको त्याग करके आनन्द और आहके बिना अनेक नज़रोंसे अपना धर्म करना चाहिये, ऐसा दृढ़ संकल्प करके अपनी आयु और अधिकारके मुताबिक जो कार्य करता है वह दिखावेसे कार्य करते हुए भी निष्क्रिय रहकर महात्मा कर्मयोगी बन सकता है।

ગઝલ, દુહા, રાસ અને પ્રસિદ્ધ નૂતન રાગના
સ્તવનોનું નવું પ્રકાશનઃ—

# ભાવના [સ્તવન સંગ્રહ]

કિં: ૪૦ નયા પૈસા [પોસ્ટેજ સાથે ૫૦]

: રચયિતા તથા પ્રકાશક :

બંસીલાલ કાંતિલાલ શાહ (ખંભાતવાળા)
આંબાવાડી, મારૂ નિવાસ, કાર્ટરરોડ નં. ૭.
બોરીવલી–પૂર્વ મુંબઈ ૬૬. N. B.

પ્રાપ્તિસ્થાન :—

સોમચંદ ડી. શાહ, પાલીતાણા.
મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, મુંબઇ ૨.
સેવંતીલાલ વી. જૈન, મુંબઇ ૪.
જશવંતલાલ ગીરધરલાલ શાહ; અમદાવાદ.
જૈન પુસ્તક ભંડાર, ગુરૂવાર પેઠ, પુના ૨.
બુકસેલર ગુલાબચંદ કસળચંદ, ખંભાત.

મુંબઇ આવતા જૈન ભાઇ-બ્હેનોને ઉતારા અને ભોજનની સગવડ આપનાર

# જૈન ધર્મશાળા અને ભોજનાલય

## ✻ પૂ...ર્વ...ભૂ...મિ... કા ✻

**શ્રી** ગોડીજી સંઘ મુંબઇ તરફથી થયેલ ઉપધાન તપના માળારોપણ મહોત્સવ પ્રસંગે સંવત ૨૦૦૭ ના પોષ વદિ ૫ ના રોજ મુંબઇના સમસ્ત જૈન સંઘની આગ્રહભરી વિનંતીથી **આચાર્ય પદનો** સ્વીકાર કર્યા બાદ ભાયખલા જૈન મંદિરના કંપાઉન્ડના વિશાળ મંડપમાં એકત્રિત થયેલ લગભગ ૫૦) હજારની વિરાટ જન મેદનીને પ્રથમ સંબોધન કરતાં **પૂજ્ય પરમ શાસનપ્રભાવક આચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે** જણાવેલ કે, 'આચાર્યપદ માટેની પૂર્ણ અનિચ્છા છતાં મુંબઈના સકલસંઘ, અનેક સંસ્થાઓ અને વ્યક્તિઓના આગ્રહથી જ્યારે મેં આ જવાબદારીનો સ્વીકાર કર્યો છે, ત્યારે મુંબઈના સમસ્ત સંઘ અને તેના મોવડીઓને મારો પ્રથમ અનુરોધ એ છે કે, ભારતના ગૌરવસમાં આ વિશાળ નગરમાં બહારથી દેવદર્શન-યાત્રા-ઔષધોપચાર વગેરે કારણે હરહંમેશ સેંકડોની સંખ્યામાં આવતા આપણા સાધર્મિક ભાઇઓને ઉતારા માટે મુંબઇના જૈન સંઘને અનુરૂપ **ધર્મશાળા** અને ધર્માનુકુલ ભોજન માટેના **ભોજનાલયની** આ ભૂમિમાં જે ઉણપ છે, તે સત્વર દુર કરે.

ધર્મ અને તેની આરાધના કલ્યાણનો માર્ગ છે. પરંતુ જ્યાંસુધી આપણા સાધર્મિકો અન્ન વિના ભૂખ્યા રહેતા હોય, પુરતા વસ્ત્ર વિનાના રહેતા હોય, રહેવાની સગવડ વિનાના હોય, જીવન-નિર્વાહ માટે ફાંફા મારતાં હોય અને તેના બાળકો યોગ્ય શિક્ષણથી વંચિત રહેતા હોય; ત્યાંસુધી એને ધર્મસાધનાની સગવડ અને નિશ્ચિતતા કઈ રીતે હોય ?'

પૂ૦ આચાર્યશ્રીના આ માર્મિક અનુરોધે ધર્મશાળા અને ભોજનાલયના કાર્ય માટે વાતાવરણ ઉભું કર્યું, તે અંગે અમુક કાર્યવાહી થઈ અને ભુલેશ્વર-લાલબાગ કે જ્યાં અત્યારે ધર્મશાળા બંધાઈ રહી છે, ત્યાંની જગ્યા માટે હીલચાલ પણ થઇ, પરંતુ કેટલાંક બાધક કારણો ઉપસ્થિત થતાં તે પ્રવૃત્તિ આગળ વધી નહિ અને અલ્પવિરામ મૂકાયો પણ આચાર્ય

મહારાજશ્રીના દિલમાં આ વાત વસેલી હતી એટલે તેઓ અનુકુળ સંયોગોની રાહ જોવા લાગ્યા અને પહેલાનાં બાધક તત્ત્વો ફરીથી ભાગ ન ભજવે તેની તકેદારી પણ રાખવા લાગ્યા.

સંવત ૨૦૧૬ માં પોતાના વરસી-તપના પારણા પ્રસંગે તેઓશ્રીને **મુંબઈ-વાલકેશ્વર** આવવાનું થયું અને પારણા બાદ ચોમાસું પણ ત્યાંજ થયું. આ વખતે અનેક ધર્મ સંસ્કારી શ્રીમંત કુટુંબો વાલકેશ્વરમાં રહેવા માટે આવેલા તેથી ત્યાં જૈન વસતી ઘણી વધી ગયેલી, તેમાં પૂ૦ આચાર્યશ્રીએ જાણે ધર્મ ચેતનાની ચિરાગ પ્રગટાવી. મુંબઈનો આ હીલ-વિસ્તાર ધર્મ અને સમાજની અનેકવિધ પ્રવૃત્તિઓથી ગાજી ઉઠયો. આ બધા સંજોગો જોઈ પર્યુ-ષણના પ્રથમ દિને સાધર્મિક-વાત્સલ્ય-કર્તવ્યના વિવેચન પ્રસંગે આચાર્ય મહારાજશ્રીએ ધર્મશાળાની પ્રવૃત્તિને ફરીથી વેગવાન બનાવવા જોરદાર ઉપદેશ આપ્યો અને ફંડ શરૂ કરાવ્યું.

ટુંક સમયમાં ફંડ રૂા. બે લાખ ઉપર પહોંચ્યા બાદ તા. ૪-૨-૬૧ ના રોજ દાતાઓની એક જનરલ મીટીંગ વાલ-કેશ્વર જૈન ઉપાશ્રયે મળી અને તેમાં લંબાણ ચર્ચા-વિચારણાઓ થયા બાદ એક વગદાર અને સદ્ધર કાર્યવાહક સમિતિની રચના થઈ. તેણે **લાલબાગ શેઠ મોતીશા જૈન ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ** સાથે અનેક વાટા-ઘાટો કર્યા બાદ શેઠ મોતીશા ટ્રસ્ટના ટ્રસ્ટીઓની ઉદાર સંમતિ મળતાં, ત્યાં વિદ્યમાન સુરત નિવાસી વીશા ઓસવાલ ઝવેરી ભાઈચંદ તલકચંદે બંધાવેલ એક માસની માત્ર ૧૫-૧૬ રૂમવાળી જુની ધર્મશાળાના સ્થાને નવી અદ્યતન આલીશાન ધર્મશાળા બાંધવાનું નક્કી થયું.

# યોજના

**૧. દાનવીર શેઠ શ્રી માણેક-લાલ ચુનીલાલ, શેઠ શ્રી કાંતિલાલ ઈશ્વરલાલ, શેઠ શ્રી મોહનલાલ ભાણજીભાઈ શાપરીયા, શેઠ શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી અને શેઠ શ્રી ખાંતિલાલ કેશવલાલ મોદી** આ ધર્મશાળાના માનનીય કાર્યવાહકો છે. ધર્મશાળાના આર્કીટેકટ અને એન્જીનીયર મે. એસ. બી. શાહ એન્ડ કું. અને કોન્ટ્રાકટર પારેખ એન્ડ ગજ્જર કું. છે.

૨. ધર્મશાળા મુંબઈના બરાબર મધ્યસ્થાને ભૂલેશ્વર લાલબાગમાં તૈયાર થાય છે.

૩. ધર્મશાળામાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત પાંચ માળ થશે. તેમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં ધાર્મિક અને સામાજિક પ્રસંગો ઉજવી શકાય તેવા વાડી તરીકેના વિશાળ હોલની સગવડ થશે.

૪. પહેલા માળે જૈન ભોજનશાળા માટે એક સાથે લગભગ ૨૦૦ ભાઈ એનો જમવા બેસી શકે તેવો ૬૮×૨૮ફુ નો વિશાળ હોલ અને તેની બાજુએ બીજી સાત રૂમો થશે.

૫. બીજા માળે બહારથી એકાકી આવનાર ભાઈઓ દિવસે પોતાનો સામાન કબાટના ખાનામાં મુકી કામ-કાજ માટે બહાર જઈ શકે અને રાતે એક સાથે લગભગ ૫૦ ની સંખ્યામાં પથારી કરી શકે તેવી સગવડતાવાળો ૬૮×૨૮ફુ નો વિશાળ જનરલ હોલ અને તેની બાજુમાં બીજી સાત રૂમો થશે.

૬. ત્રીજે, ચોથે અને પાંચમે માળે ૧૪-૧૪ એટલે બધી મળીને ૪૨ રૂમો થશે, તેની બહાર સળંગ લાંબી ૬ ફુટ પહોળી ઓસરી હશે, દરેક રૂમ ૧૦×૧૪ નો રખાયેલ છે. તેમાં પાંચ પથારી બહુ આરામથી થઈ શકશે. પ્રત્યેક રૂમમાં સ્નાન વગેરે માટે પાર્ટીશન સાથે ચોકડીની સગવડ પણ રખાશે.

૭. આ રીતે આખી ધર્મશાળામાં વાડીનો હોલ, ભોજનશાળાનો હોલ અને જનરલ હોલ મળી ત્રણ મોટા હોલ અને ૫૬ રૂમની સગવડ થશે.

૮. ધર્મશાળામાં બંને બાજુએ દાદર અને મકાન પાંચ માળનું હોવાથી લીફ્ટની સગવડ રાખવાનો પણ નિર્ણય થયો છે.

૯. ધર્મશાળાના આખા પહેલા માળ માટે પૂ૦ આચાર્ય મહારાજની પ્રેરણાથી **સુરત નિવાસી શેઠ શ્રી મગનલાલ કસ્તુરચંદ વાલોડીયાના** સ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી રૂા. ૬૧૧૧૧) ની ઉદાર સખાવત થયેલ છે. જે ખાસ ધન્યવાદને પાત્ર છે,

૧૦. રૂા. ૫૦૦૧) આપનાર ઉદાર સદ્‌ગૃહસ્થનું નામ આરસની તકતીમાં એક રૂમ ઉપર અપાશે. આ રીતે આજ સુધીમાં લગભગ ૫૨ (બાવન) રૂમો લખાઈ ગઈ છે.

૧૧. રૂા. ૧૦૦૧) તથા તેથી વધુ રકમના દાતાઓની સળંગ નામાવલી આરસના મોટા શિલાલેખમાં આપવાનું નક્કી થયું છે. વગર નામે ઓછી-વધુ રકમનું ગુપ્તદાન આપવાની ભાવના-વાળાઓ માટે વાલકેશ્વર દેરાસરની પેઢી પાસે પેટી મુકવામાં આવેલ છે.

૧૨. આજ સુધીમાં ધર્મશાળા અંગેનું કુલ ફંડ લગભગ રૂપિયા ૬,૨૫,૦૦૦) નું થયું છે. અને હજુ ઓછામાં ઓછા રૂા. ૧ાા (પોણા બે) લાખની જરૂર છે. **જેઓએ આ મહાનકાર્યમાં હજુ સુધી લાભ ન લીધો હોય તેઓ પોતાનો ઉદાર ફાળો જલદી નોંધાવે.**

૧૩. સં. ૨૦૧૭ ના શ્રાવણ સુદ ૧૪ ના રોજ **શેઠ શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરીના** શુભહસ્તે આ ધર્મશાળાના નવા મકાન માટે ખનન-વિધિનું મુહૂર્ત થયેલ અને શ્રાવણ વદ ૮ ના રોજ **દાનવીર શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલના** શુભહસ્તે ભવ્ય સમારોહ પૂર્વક શિલાસ્થાપનનું મુહૂર્ત થયેલ.

૧૪. તે પછી મ્યુનિસિપાલીટીમાં પ્લાનો પાસ કરાવવા અને ભાડુત દુકાનદારો પાસેથી જગ્યાનો કબજો મેળવવા વગેરેમાં ઠીક ઠીક સમય પસાર થયા બાદ બાંધકામ શરૂ થતાં આજ સુધી આ વિશાળ ધર્મશાળામાં ગ્રાઉન્ડ ફ્લોર તથા પાંચ માળનું આર. સી. સી. ફ્રેમવર્ક પુરૂ થયું છે. અને દિવાલો, બારીબારણાં, પ્લાસ્ટર વગેરે કામ ઝડપથી ચાલે છે. તે અને પછીનું પરચુરણ કામકાજ પુરું થવામાં બીજી કોઇ અગવડ ન આવે તો પાંચેક મહિના થવા સંભવ છે.

૧૫. ધર્મશાળાની બાજુમાં જ લાલબાગ જૈન ઉપાશ્રય શ્રી ચિંતામણી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામીના ભવ્ય મંદિરો, શ્રી મોહનલાલજી જૈન લાઇબ્રેરી, જૈન શ્વે. કોન્ફરન્સ સંચાલિત જૈન ઉદ્યોગગૃહ, મુંબઈનું મોટું વર્ધમાન તપ આયંબિલ ખાતું વગેરે આરાધનાની અનેક સગવડો આવેલ હોવાથી ઉતારૂઓને ઘણી અનુકુળતાઓ થશે.

૧૬. ધર્મશાળાના પહેલા માળે જૈનધર્મની મર્યાદાઓ શકય એટલી વધુ સચવાય અને સાથે આરોગ્ય પણ જળવાઇ રહે તેવી ભોજનશાળાની સગવડ થશે.

૧૭. ઉપરાંત મધ્યમવર્ગના સાધર્મિક ભાઇઓ તથા સકલ જૈનસંઘના ધાર્મિક અને સામાજિક ઉત્કર્ષ માટેની અનેક યોજનાઓ કરવી હોય તો આ સ્થળે શકયતા છે. પૂ૦ આચાર્ય મહારાજ શ્રી આ બાબતમાં ઝીણવટ ભરી વિચારણા ચલાવી રહ્યા છે. શાસનદેવની કૃપાથી જૈનસંઘનો સહકાર મળે તો અનેક કાર્યો થવાની આશા છે. આ રીતે મુંબઈના ગૌરવને અનુરૂપ વિશાળ અને અદ્યતન સગવડતાવાળી **ભવ્ય જૈન ધર્મશાળા** અને ભોજનાલય જેમ બને તેમ શીઘ્ર તૈયાર થાય એ માટે **શ્રી શાસનદેવને નમ્ર પ્રાર્થના.**

—: સંપર્ક કરવાનું સરનામું :—

**શ્રી જૈન ધર્મશાળા કાર્યવાહક સમિતિ**

શ્રી આદીશ્વરજી જૈન મંદિરની પેઢી,
૪૧ રીઝરોડ, મલબાર હીલ,
મુંબઇ—૬

# શાસન સમાચાર

**મુંબઈના ઉપનગરોમાં તેમજ ગામ ગામાંતર થઈ રહેલી શ્રુતધર્મની આરાધના. સંતોની સાન્નિધ્યમાં જામેલો તપસ્વીઓનો પુણ્ય મેળો.**

### વાલકેશ્વર

નવસ વરસમાં, મુંબઈ તેમજ ઉપનગરોમાં ઉપધાન સૌ પ્રથમ કરાવવાનું માન પૂજ્ય આચાર્યદેવેશ શ્રી ધર્મસૂરીશ્વરજી મ. ના ફાળે જાય છે. પૂજ્ય મહારાજશ્રી હાલ વાલકેશ્વરમાં બિરાજમાન છે. શતાવધાની મુનિરાજ શ્રી જયાનંદવિજયજી મ. સા. ની પ્રેરણાથી, પૂજ્ય આચાર્યશ્રી તથા સાહિત્ય વ્યાસંગી મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજની નિશ્રામાં, બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર, જૈન દેરાસરનાં પટાંગણમાં તેમજ તેની ઘણી જ નજદીકના સ્થળના એક મંડપમાં, ૨૭૯ ભાઈ બેનો ઉપધાન તપની આરાધના કરી રહ્યાં છે. આ તપ બીજા કારતક સુદ નોમના સોમવારે શુભ મંગલે શરૂ થયું હતું.

### વિલેપાર્લા

ત્યાર પછી બીજા ઉપધાન, બીજા કારતક સુદ અગીયારસના મંગળ ઘડીએ શરૂ થયાં હતાં. મુનિરાજ શ્રી ભાનુવિજયજીની પ્રેરણાથી આ ઉપધાન, પરમપૂજ્ય પન્યાસ પ્રવર કવિરત્ન શ્રી યશોભદ્રવિજયજી મ. સા. ના સાન્નિધ્યમાં ચાલી રહ્યા છે. ૧૦૩ ભાઈ-બેનો અહીં વિલેપાર્લાના શ્રી ડાહ્યાભાઈ ઘેલાભાઈના સેનેટોરીયમમાં આરાધના કરી રહ્યા છે. મહા સુદ છઠના દિવસે તપસ્વીઓ માળ પહેરનાર છે.

### અંધેરી

વાલકેશ્વર અને વિલેપાર્લામાં શરૂ થયેલ ઉપધાન તપમાં કારણસર ન જોડાઈ શકેલા ભાઈ બેનો, ઉપરાંત બીજા ગામ ગામાંતરના ભવ્ય જીવો કારતક વદ બીજે, અંધેરી અને બોરીવલીમાં શરૂ થયેલા ઉપધાન તપમાં આરાધના કરી રહ્યાં છે.

પાર્લા—અંધેરીમાં આત્મ તત્ત્વના સમર્થ વ્યાખ્યાતા પૂજ્ય આચાર્ય મ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. બિરાજમાન છે. તેમની નિશ્રામાં ૧૨૦ ભાઈ બેનો આ મહા મંગળકારી શ્રુતજ્ઞાનની સાધના કરી રહ્યાં છે. તેઓશ્રીની સાથે પૂજ્ય પન્યાસ પ્રવર કવિ કુલકિરિટ શ્રી કીર્તિવિજયજી મ. સા. પણ છે. અને તેઓશ્રી પણ આ તપસ્વીઓને ધર્મના પિયૂષને પાઈ રહ્યા છે.

### બોરીવલી

બોરીવલી એ મુંબઈ ઉપર નગરમાંનું એક મુખ્ય કેન્દ્ર છે. અહીંનું

દૌલતનગર એ એક જૈન તીર્થધામ બની રહ્યું છે. એ નગરને જૈનપુરી બનાવવાનો યશસ્વી ફાળો, શાસન સમ્રાટ સ્વ. શ્રી નેમિસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય રત્ન આચાર્ય શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. સા. ના ફાળે જાય છે, તેઓશ્રીની નિશ્રામાં અહીં ઉપધાન તપની મંગળ આરાધના થઈ રહી છે. ૧૦૧ જેટલા ભાઈ બેનો આ તપની સાધના કરી રહ્યા છે. વીંછીયાના શેઠ શ્રી કાંતિલાલ શિવલાલ શાહે આ તપ કરાવવાનું મહાન પુણ્ય ઉપાર્જન કર્યું છે.

## મુંડારા (રાજસ્થાન)

મુંબઈ બહાર રાજસ્થાનમાં મુંડારા ગામે પણ ઉપધાન તપની આરાધના થઇ રહેલ છે. અને હાલ ચાલુ આ તપના આરાધકોમાં તેની સંખ્યા વિક્રમ નોંધાવે છે. પોષ વદ ર ના શુભ દિવસે શરૂ થયેલ આ મહાન તપની આરાધના માટે કુલ પર૧ તપસ્વી ભાઈ-બેનો તપસ્યા કરી રહેલ છે. જેમાં માળ પહેરનાર ભાઈ-બેનો મળી કુલ ૩૦૧ ની સંખ્યા છે. આ તપ પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયલાવણ્યસૂરિજી મ. સા. તથા પૂ. આચાર્ય મ. શ્રી વિજય-જિનેન્દ્રસૂરિજી મ. ની શુભ નિશ્રામાં થઈ રહેલા છે. આ તપ દાનવીર શેઠ કાલુરામ મોહનલાલ એન્ડ કું. તરફથી થયેલ છે. તા. ૧૬-૧-૧૯૬૪ ના રોજ માળા રોપણનો ઉત્સવ અત્રે થનાર છે.

## ઇસ્લામપુરા (સાંગલી)

અત્રેના શ્રી જૈન સંઘ તરફથી પરમ પૂજ્ય પન્યાસ પ્રવર શ્રી શુભંકર-વિજયજી ગણિવર્યની શુભ નિશ્રામાં તા. ૧૭-૧-૧૯૬૪ થી ઉપધાન તપ થનાર છે. બીજું મુહૂર્ત તા. ૧૯-૧-૬૪ રવિવારનું છે.

## કર્મ નિર્જરાની ઉગ્ર સાધના (પેટલાદ)

મુનિરાજ શ્રી નરોત્તમવિજયજી મ. સા. એક ઉગ્ર શ્રમણ સંત છે. આયંબિલ તપ એ તેમનું ભાવતું તપ છે. છેલ્લા કેટલા વખતથી તેઓ આ વર્ધમાન તપની ઓળી કરી રહ્યા છે. સળંગ ચાલ્યા આવતા આ તપની આરાધના કરતાં આજ તેઓશ્રી ૧૦૦ મી ઓળીની સાધના કરી રહ્યાં છે. આ મહા માસમાં તે શતાબ્દિનું પારણું થાય તેવો સંભવ છે.

## પાણી તો બહતા ભલા (કુકરવાડા)

પૂજ્ય પન્યાસ પ્રવર શ્રી સુબોધ-સાગરજી ગણિવર્યનું ચાતુર્માસ અમદા-વાદમાં થયું હતું. વિહાર છૂટો થતાં તેઓશ્રી તા. ૨૬-૧૨-૧૯૬૩ ના કુકરવાડા ઉત્તર ગુજરાત તરફ વિહાર કરી ચૂકયા છે. તા. ૧૬-૧-૬૪ થી ત્યાં કુકરવાડાના જિનાલયનો શતાબ્દિ મહોત્સવ ઉજવવામાં આવનાર છે તેમજ પેઢ અભિષેક, શાંતિસ્નાત્ર વગેરે ભવ્ય ઉત્સવ થનાર છે. તા. ૧૫-૧-૬૪ ના રોજ કુકરવાડાનો જૈન સંઘ તેઓશ્રીનું હાર્દિક સામૈયું કરશે.

**યાદ રાખો :—**

પાના નં. બાવન પર 'ભાવના' સ્તવન સંગ્રહની જે કીંમત છે તેના બદલે કિંમત **૫૦** નયા પૈસા પોસ્ટેજ સહિત ૬૦ નયા પૈસા રાખી છે.

મુદ્રક અને પ્રકાશક : ઇન્દિરા ગુણવંતલાલ શાહ
મુદ્રણાલય : "જૈન વિજય" પ્રિંટિંગ પ્રેસ, ગાંધીચોક-સુરત.

# કાળના ગર્ભમાં

એક દિન એવો આવશે, એક દિન એવો આવશે.
મહાવીર શબ્દો વડે, સ્વાતંત્ર્ય જંગમાં થાવશે....
સહુ દેશમાં સ્વાતંત્ર્યના, શુભ દિવ્ય વાદ્યો વાગશે,
બહુ જ્ઞાનવીરો કર્મવીરો, જાગી અન્ય જગાવશે...૧

અવતારી વીરો અવતરી, કર્તવ્ય નિજ બજાવશે,
અશ્રુ લ્હુછી સૌ જીવનાં, શાંતિ ભલી પ્રસરાવશે...૨

સહુ દેશમાં સહુ વર્ણમાં, જ્ઞાની જનો બહુ ફાવશે,
ઉદ્ધાર કરશે દુઃખનો, કરુણા ઘણી મનમાં લાવશે...૩

સાયન્સની વિદ્યા વડે, શોધો ઘણી જ ચલાવશે,
જે ગુપ્ત તે જાહેરમાં, અદ્‌ભૂત વાત જણાવશે... ૪

રાજા સકળ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે,
હુન્નરકળા સામ્રાજ્યનું, બહુ જોર લોક ધરાવશે....૫

એક ખંડ બીજા ખંડની, ખબરો ઘડીમાં લાવશે,
ઘરમાં રહ્યા વાતો થશે, પર ખંડ ઘર સમ થાવશે...૬

એક ન્યાય સર્વ ખંડમાં, સ્વાતંત્ર્યતામાં થાવશે,
બુદ્ધ્યબ્ધિ પ્રભુ મહાવીરનાં, તત્ત્વો જગતમાં વ્યાપશે...૭

—સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

[ રચના કાળ સં. ૧૯૬૭, ગ્રંથસ્થ ભજન પદ સંગ્રહ ભાગ ૮, પાનું ૪૨૦ ]



Gover printed at Kishore Printery - Crescent Chambers, Tamarind Lane, Fort, Bombay I.